# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્ય જીવનનું વૃત્તાંત

**ભાગ-૨**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાના સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવાં પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૨**


**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ



**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

## ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

### ભાગ-૨

**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

**આવૃત્તિ** : પ્રથમ, જાન્યુઆરી – ૨૦૨૫

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, 'અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.'

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક
સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું ?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી 'સ્વામિનારાયણ ચરિત્ર' સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા


## ૧. અયોધ્યામાં નિવાસ (આ.સં. ૧૮૪૨-૪૪, ઈ.સ. ૧૭૮૫-૮૮)

ઈચ્છારામભાઈનું પ્રાગટ્ય.................................... ૧

મિત્રોને જાંબુ જમાડ્યાં.................................... ૨

ગયાજીના ગોર.................................... ૩

અમે સર્વોપરી ભગવાન છીએ....................................૫

સહુને સાથે રાખી જમાડ્યા....................................૬

ખાંપા તલાવડી....................................૮

વજન વધાર્યું....................................૯

વાઘચર્મમાંથી વાઘ....................................૧૦

બત્રીસી બહાર કઢાવી.................................... ૧૨

કોણ ગુનેગાર.................................... ૧૩

## ૨. યજ્ઞોપવીત અને ગૃહત્યાગ (આ.સં. ૧૮૪૫-૪૭, ઈ.સ. ૧૭૮૮-૯૧)

યજ્ઞોપવીત....................................૧૬

એકાદશીનો ઉપવાસ કરવો....................................૧૮

ધર્મદેવનું ધ્યાન....................................૨૦


મૂર્તિની મર્યાદા.................................... ૨૧

બળદ ચાલી શક્યો નહિ.................................... ૨૨

કૂવામાં ધુબાકા.................................... ૨૪

વચનમાં વિશ્વાસ.................................... ૨૫

મૂર્તિનું સુખ અતિશય........................................૨૬
ફણસની ચોરી........................................ ૨૭
ડાંગરને જાળવી........................................ ૨૯
પીપળાના વૃક્ષ પરથી........................................૩૦
કામી કાયસ્થ........................................૩૧
અંતર્યામીપણું........................................ ૩૨
શીતલદાસને શાંત કર્યા........................................૩૪
સંસારીના ટુકડા પચાવવા મુશ્કેલ પડશે !........................................૩૫
વિદ્વત્ સભા........................................ ૩૭
પ્રભુને ક્રોધ ગમતો નથી........................................ ૩૯
ભક્તિમાતાને દિવ્યગતિ........................................૪૦
ધર્મદેવને દિવ્યગતિ........................................ ૪૨
મલ્લોને માર........................................ ૪૪
ગૃહત્યાગ........................................ ૪૬
અયોધ્યામાં વિલાપ........................................ ૫૦



# ૧

# અયોધ્યામાં નિવાસ

## (આ. સં. ૧૮૪૨-૪૪, ઈ. સ. ૧૭૮૫-૮૮)

### ઇચ્છારામભાઈનું પ્રાગટ્ય (સં. ૧૮૪૨; ઇ.સ. ૧૭૮૫-૮૬)

ઘનશ્યામ મહાપ્રભુની અવરભાવની દૈનિક ક્રિયામાં સ્વાભાવિક જ દિવ્યતા પ્રગટતી. સંસાર પ્રત્યે તેઓ તીવ્ર વૈરાગ્યના ભાવો જણાવતા. દુન્યવી બાળકો કરતાં ઘનશ્યામ જુદા જ તરી આવતા.

નિત્ય સવારે વહેલા ઊઠી જતા, વહેલી સવારે સરયૂ નદીમાં સ્નાન કરી લેતા તેમજ પૂજાપાઠ વગેરે નિત્ય કરતા. અયોધ્યાની ભૂમિને પોતાની પદરજથી પાવન કરતા. પોતે તીર્થને તીર્થત્વ આપવા ને કેટલાકને પોતાનાં દર્શન આપવાં ને તેમને પોતાના અક્ષરધામની પ્રાપ્તિ કરાવવા તેમજ પોતાના આશ્રિતજનને નિત્ય પ્રત્યે ઠાકોરજીનાં દર્શન કરવા જવું એવી રીત શિખવાડવાની ચેષ્ટા પણ નિત્ય કરતા.

જમવામાં પણ જે - તે જેવું - તેવું ચલાવી લેવું એવી એમની પ્રકૃતિ. માતાપિતા સામું કદી વેણ ન ઉચ્ચારવું, કજિયા-કંકાસ કે હઠ પણ નહીં. સાવ સાદું ને સરળ જીવન જીવવાનું તેઓ દર્શાવતા હતા. એક આદર્શ બાળક કેવો હોવો જોઈએ અથવા ભગવાનના ભક્તનું જીવન બાળઅવસ્થાથી જ કેવું હોવું જોઈએ એ બાળ ઘનશ્યામ પ્રભુની ક્રિયામાંથી કળાઈ આવતું. ઠાકોરજીને જમાડ્યા પછી જમાડવું. તપ અને ત્યાગના વિશિષ્ટ ગુણોનું પણ તેઓ દર્શન કરાવતા હતા.

સંવત ૧૮૪૨ની સાલથી ઘનશ્યામ મહાપ્રભુએ આ લોકમાં (અવરભાવમાં)

આ લોકનું (અવરભાવનું) ભણતર શરૂ કર્યું. અનેકને જે પોતાના સર્વોપરી સ્વરૂપસંબંધી જ્ઞાન આપવા પધાર્યા હોય એમને માયિક જ્ઞાનની શી જરૂર ? તેમ છતાં આ લોકની (અવરભાવની) રીતે એમણે શાસ્ત્રોનું અધ્યયન શરૂ કર્યું. બહુ ઝડપથી તેઓ તમામ અભ્યાસક્રમને ગ્રહણ કરી લેતા. એમ કરતાં કરતાં ઘનશ્યામ પ્રભુએ પાંચ વર્ષ પૂર્ણ કર્યાં અને છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો.

ઘનશ્યામ પ્રભુને છઠ્ઠું વર્ષ બેઠું. ત્યારે સંવત ૧૮૪૨, વૈશાખ સુદ બીજના દિવસે ઈચ્છારામભાઈનું અયોધ્યાપુરને વિષે પ્રાગટ્ય થયું.

"કહી પાંચ વરસની વ્યવસ્થા અને ઊતરી કુમાર અવસ્થા;
છઠ્ઠા વર્ષનો આરંભ થાય, વય પૌગંડ તે કહેવાય.
સુદી વૈશાખી બીજ ગણાઈ, ત્યારે જન્મ્યા ઇચ્છારામભાઈ."[૧]

## મિત્રોને જાંબુ જમાડ્યાં

છપૈયા પાસે નરેચા ગામ હતું. તેના પાદરના એક ખેતરમાં જાંબુડાનું સરસ વૃક્ષ હતું. તેના પર ખૂબ જાંબુ આવેલાં. રમતા રમતા ઘનશ્યામ પ્રભુની દૃષ્ટિમાં એ જાંબુડો આવી ગયેલો.

ઘનશ્યામ પ્રભુએ સૌ મિત્રોને કહ્યું, ''ચાલો, આજે અમે તમને જાંબુડા ખાવા લઈ જઈએ.'' બધા જ મિત્રો તૈયાર થઈ ગયા. ઘનશ્યામ પ્રભુ બાળસખા સાથે ખેતરમાં ઘૂસ્યા. જાંબુના વૃક્ષ સમીપે જઈ ઘનશ્યામ પ્રભુ તો ફટાફટ વૃક્ષ પર ચઢી ગયા. બધા મિત્રો વૃક્ષ નીચે ઊભા રહી ગયા. પછી ઘનશ્યામ પ્રભુએ જાંબુડાની ડાળીઓ જોરજોરથી હલાવવા માંડી. કેટલાંક જાંબુ નીચે ખરી પડ્યાં.

ઘનશ્યામે કહ્યું, ''મિત્રો ! માંડો જાંબુ જમવા. નિરાંતે જમજો, ધરાઈ ધરાઈને જમજો ને વળી જો તમારે લેવાં હોય તેટલાં ફાંટ્યો ભરી ભરી ઘરે પણ લઈ જજો.'' ઘનશ્યામ પ્રભુ જાણે ખેતરના ને જાંબુડાના માલિક ન હોય એમ જ કહેતા હતા. ખરેખર તો તેઓ જ અખિલ બ્રહ્માંડના માલિક હતા ને ! પછી કેમ ન કહે ? મિત્રો પણ હોંશે હોંશે જાંબુડા ખાવા માંડ્યા અને ઝોળીમાં ભરવા માંડ્યા.

એવામાં ખેતરના રખેવાળને ખબર પડી. એટલે તે તો લાકડી લઈને બૂમો પાડતો ત્યાં આવી પહોંચ્યો. ઘનશ્યામ પ્રભુએ ત્યાંથી જ પોતાનો હસ્ત લાંબો કરી રખેવાળને હડસેલ્યો ત્યાં તે ચકરી ખાઈને જમીન પર ફંગોળાઈ ગયો. ખભામાંથી એક હાથ ઊતરી ગયો અને મૂર્છાવશ થઈ ગયો.

૧. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૧૨

ઘનશ્યામ પ્રભુ સૌ મિત્રો સાથે છાનામાના પગલે પોતાના ઘરમાં પેસી ગયા. થોડી વારે રખેવાળની મૂર્છા ઊતરી એટલે તે ભાંગેલા હાથને ઝોળીમાં ભરાવી ધર્મદેવને ઘેર આવ્યા ને ફરિયાદ કરી કે, "તમારા ઘનશ્યામને કાબૂમાં રાખો, તેનું ધ્યાન રાખો. તે મારા ખેતરનાં જાંબુડા પરથી બધાં જાંબુ ખેરવીને ખાઈ ગયા. તેમજ બગાડી નાખ્યાં. અને જુઓ, તેમનું આ પરાક્રમ ! તેમણે મારો હાથ પણ ભાંગી નાંખ્યો." આ સાંભળી ધર્મદેવે કહ્યું, "તેમણે જાંબુ ખાધાં હશે તે વાત માની શકાય, પણ તું આવડો મોટો કદાવર પાંત્રીસ વર્ષનો પંજાબી આદમી છે તેનો હાથ નાનકડો બાળક ભાંગી નાખે તે શી રીતે માન્યામાં આવે ? તું કોઈને કહીશ તો લોકો તારી વાત માનશે નહિ ને સૌ તને જ મૂર્ખ કહેશે." એમ કહી રામચરણ રખેવાળનો ઊધડો લીધો.

રામચરણ પણ સમજી ગયા કે વાત સાચી છે. મારું કોઈ માનશે નહીં. એટલે તે શરમિંદા બની ગયા ને ઘરે જવા લાગ્યા. ત્યાં દિલના દરિયાવ ભક્તવત્સલ ઘનશ્યામ પ્રભુ ઘરની બહાર આવ્યા ને રામચરણ રખેવાળને પૂછ્યું, "લાવો તો, કયો હાથ ભાંગી ગયો છે ?" એમ કહી તેમના હાથને પોતાના હસ્તથી સ્પર્શ કર્યો ત્યાં જ પાછો તેમનો હાથ યથાવત્ થઈ ગયો. આ જોઈ રામચરણ તો આશ્ચર્ય પામ્યા. તેમને નિશ્ચય થયો કે, આ કાર્ય, આ લીલા તો સર્વોપરી મહાપ્રભુની જ હોઈ શકે; તેઓ જ કરી શકે. આવું ચરિત્ર એમના વિના બીજા કોને આવડે ?

ઘનશ્યામ પ્રભુને વિષે ભગવાનપણાની પ્રતીતિ આવતાં તેમને નમન કરતાં કરતાં ઘર તરફ જવા નીકળ્યા. રસ્તામાં તેમને ઘનશ્યામ પ્રભુના જ વિચારો આવતા રહ્યા. તે મનમાં બોલ્યા, 'ઘનશ્યામ પ્રભુ રોજ જાંબુ ખાવા મારા ખેતરે આવે તો કેવું સારું ! ભલે હું એમની સેવા ન કરી શક્યો. એમણે તો સામે ચાલી મારી સેવા લીધી. દેહધારી સામે ચાલી ક્યાં કદી સેવા કરે છે ? સ્વયં પ્રભુ અથવા મોટાપુરુષ સેવા લે ત્યારે જ સેવા થાય છે.'

## ગયાજીના ગોર

છપૈયામાં દુંદ ત્રવાડીના ઘરે ગયાજીથી ગોર આવ્યા હતા. રસોઈ માટે સીધું-સામાનમાં આઠ શેર ઘઉંનો લોટ, બશેર ખાંડ અને બશેર ઘી તેમણે માગ્યું. તે સામાન લઈ રસોઈ કરવા લાગ્યા. થોડી વારમાં તો લોટ બાંધીને પૂરી વણવા લાગ્યા.

તે સમયે ઘનશ્યામ પ્રભુ ઘરની ઓસરીમાં બેસીને દહીં અને ભાત જમતા હતા. તે દર્શન આ ગોર મહારાજને થયાં. દર્શન કરીને ગોર આવ્યા. ગોર મહારાજની વૃત્તિ ઘનશ્યામ પ્રભુમાં તણાણી. તેથી તે હાથ ધોઈ ઘનશ્યામ પ્રભુની પાસે આવ્યા અને શાંતિથી તેમને નીરખવા માંડ્યા. કેટલીક વાર સુધી તેમણે પ્રભુને નીરખ્યા તેથી તેમની પર પ્રભુની કૃપા વરસી ગઈ. પરિણામ સ્વરૂપે તેમના દેહમાંથી કામ-ક્રોધાદિક શત્રુઓ નીકળવા માંડ્યા. બધાય દોષો એક પછી એક બહાર નીકળી સૌને દેખતા પગે લાગીને ઊભા રહ્યા.

"અંતરશત્રુ થયા સન્મુખ, ગોર શાંતિ પામ્યા થયું સુખ;
પુરોહિત બન્યા ગુણવાન, થયા છે જાણે સમાધિવાન."

ગોર દોષોથી મુક્ત થયા હોવાથી તેમને અંતરમાં અતિશય શાંતિ શાંતિ થઈ ગઈ અને બે હાથ જોડીને સમાધિસ્થ થઈ ગયા.

ત્યાં ધર્મદેવ આવ્યા. ગોરને બેઠેલા જોઈને કહ્યું, "ગોર મહારાજ ! રસોઈ પડતી મૂકીને કેમ અહીં આવ્યા છો ? આ નાના બાળકમાં શું જુઓ છો ?" ત્યારે ગોર મહારાજે ધર્મદેવને કહ્યું, "ધર્મદેવ ! તમે આમને બાળક સમજો છો ? તો તમારી બહુ મોટી ભૂલ્ય છે. ભલે એમાં બાળકપણાના ભાવ જણાય પણ તેઓ છે કોઈ દિવ્ય સ્વરૂપ.

હું કેટલાય વર્ષોથી મોટા મોટા તીર્થોમાં ફરી ચૂક્યો છું. પણ જેવી આ ઘનશ્યામ પ્રભુનાં દર્શનથી શાંતિ થઈ તેવી શાંતિ કોઈ તીર્થમાં કે કોઈ જોગી-જતિથી પામ્યો નથી. જે જે તીર્થમાં ગયો ત્યાં ક્યાંય મારું મન શાંત થયું નથી ને સ્થિર પણ થયું નથી. હે ધર્મદેવ ! અનંત જન્મે ને અનંત સમયથી, અનંત દાખડા અને અનંત સાધનથી કે વાયુભક્ષણ કરીને સુકાઈ જઈએ કે ઊંધે માથે તપ કરીને વર્ષો વહી જાય છતાં જે દોષો ન ટળે કે ન નીકળે તે તો માત્ર આ ઘનશ્યામ પ્રભુનાં દર્શનમાત્રથી નીકળી ગયા. માટે આ કોઈ સામાન્ય બાળક નથી. અવતારી એવા પુરુષોત્તમનારાયણ જ છે. આજે હું અહીં આવી કૃતાર્થ થયો છું. મારો મનુષ્યજન્મ આજે સફળ થયો હોય તેવું લાગી રહ્યું છે." એમ કહી ઘનશ્યામ પ્રભુ તેમજ ધર્મદેવને પગે લાગી તે અત્યંત રાજી થયા.

ઘનશ્યામ પ્રભુનાં દર્શનમાત્રથી ને એમની માત્ર કૃપાદૃષ્ટિથી જીવના દોષમાત્ર પલાયન કરવા, જીવને સર્વે દોષથી રહિત નિર્દોષ કરવો એ એમની સર્વોપરીપણાની પ્રતીતિ નહિ તો બીજું શું ?

## અમે સર્વોપરી ભગવાન છીએ

તરગામથી વસંતાબાઈ અને ચંદનબાઈ ભક્તિમાતાને ઘેર કેટલાક દિવસ રોકાવા પધાર્યાં. એક દિવસ ચંદનબાઈ તથા વસંતાબાઈ વહેલાં ઊઠી ઘંટીમાં ઘઉં દળવા બેઠાં. ઘઉં દળતાં દળતાં તેઓએ પ્રભાતિયાં ગાવાં શરૂ કર્યાં : "ઊઠો... ઊઠો... પ્રભાત ભયા હૈ..." તે સાંભળી ઘનશ્યામ પ્રભુ ઢોલિયા પર પોઢ્યા હતા તે બોલ્યા, "માસી ! મને શું કામ જગાડો છો ? હું તો જાગું જ છું. તમારે શું કામ છે ?"

ત્યારે તેઓએ કહ્યું, "અમે તમને નહિ, ભગવાનને જગાડીએ છીએ." તેથી ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "માસી ! ભગવાન તો અમે જ છીએ. તમે વળી બીજા કોને જગાડો છો ?" ચંદનબાઈ તેમજ વસંતાબાઈએ ઘનશ્યામ સાથે રમૂજ કરતાં કહ્યું, "તમે થોડા એક જ ભગવાન છો ? ભગવાન તો ઘણા છે." એમ કહી હસવા લાગ્યાં.

ઘનશ્યામ પ્રભુએ પણ જાણે આજે પોતાના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવવી હોય તેમ વાતનો કેડો ન મૂકતાં કહ્યું, "માસી, સર્વોપરી ભગવાન તો અમે જ છીએ."

પણ બંને માસીએ તેમની વાતમાં ધ્યાન ન દીધું ને ફરીથી પ્રભાતિયાં ગાતાં ગાતાં ઘઉં દળવાનું શરૂ કર્યું.

ઘનશ્યામ પ્રભુએ પણ જાણે આજે પોતાના સ્વરૂપની યથાર્થ ઓળખાણ આપવી હોય તેમ વાતનો કેડો ન મૂકતાં કહ્યું, "માસી ! તમે ભૂલો છો... હા, ભગવાન ઘણા છે. પણ અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ઈશ્વર તો એક જ હોય ને તે અમે પોતે છીએ. અમારા જેવા અમે એક જ છીએ." બંને માસીઓને ઘનશ્યામની વાતમાં બહુ સમજાયું નહિ તેથી તેમણે ફરીથી પ્રભાતિયાં ગાતાં ગાતાં ઘઉં દળવાનું શરૂ કર્યું.

ઘનશ્યામ પ્રભુએ ઢોલિયા પર સૂતા સૂતા હસ્ત લાંબો કરી ઘંટીનાં પૈડા પર હસ્ત મૂક્યો. હસ્તના ભારથી ઘંટી ફરતી બંધ થઈ ગઈ. વસંતામાસી બોલ્યાં જે, "આ કોનો વજનદાર હાથ છે ?" ત્યાં ઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, "તમે જેને જગાડો છો તેનો છે." તે હસ્તને ખસેડવા બંને બહેનોએ બહુ મહેનત કરી પણ હસ્ત ખસ્યો નહીં. ત્યાં ભક્તિમાતા આવ્યાં. તેમણે ઘનશ્યામને કહ્યું, "હે ઘનશ્યામ

પ્રભુ ! માસીને કેમ પજવો છો ? તમે ઘંટી પરથી હસ્ત લઈ લ્યો ને એમને કામ કરવા દો.'' ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''દીદી ! તમે એમને પૂછો કે એ કોને જગાડે છે ?'' ત્યારે વસંતાબાઈએ કહ્યું, ''એ હા, તમે જ સર્વોપરી ભગવાન છો ને તમને જ હું જગાડું છું.'' આ સાંભળતાં જ તત્કાળ ઘનશ્યામ પ્રભુ રાજી થઈ ગયા.

એમણે ઘંટી પરથી હસ્ત લેતાં કહ્યું, ''માસી ! તમે પ્રથમથી જ આવું બોલ્યાં હોત તો આટલી બધી મહેનત અમારે કરવી ન પડત.'' માસીએ કહ્યું, ''હે ઘનશ્યામ પ્રભુ ! આવો આપનો સર્વોપરી નિશ્ચય અમને ક્યાંથી થાય ? આપ જ જ્યારે આપનું સ્વરૂપ કેવળ કૃપા કરી સમજાવો ત્યારે જ સમજાય છે. તે આજે તમોએ કૃપા કરીને આપનું સ્વરૂપ ઓળખાવ્યું. તેથી અમને આવો નિશ્ચય થયો.'' ઘનશ્યામ પ્રભુ પણ એ વાતની સંમતિ આપતા હોય તેમ ખિલખિલાટ કરવા માંડ્યા.

## સહુને સાથે રાખી જમાડ્યા

બાળ ઘનશ્યામ પ્રભુ નિત્ય વહેલી સવારે ઊઠી જતા... એમ આજે પણ વહેલા જાગી ગયા... તેઓ ઊઠીને સીધા ચંદનમાસી પાસે આવીને કહેવા લાગ્યા, ''મને અત્યારે ખૂબ ભૂખ લાગી છે. માટે કાંઈક જમવાનું આપો.''

ચંદનબાઈએ કહ્યું, ''ઘનશ્યામ પ્રભુ ! લ્યો, આ કમોદના પૌંઆ તથા દહીં પડ્યું છે તે આપું છું તે જમી લ્યો... રસોઈ કરવાની હજી વાર છે. રસોઈ બનશે એટલે ગરમાગરમ રસોઈ તમને જમાડીશ.''

ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''ના... અમારે આ ટાઢું જમવું નથી. ગરમ રસોઈ બનાવી આપો...'' ''પણ રસોઈને હજી વાર છે.'' ચંદનબાઈએ કહ્યું. ત્યારે ઘનશ્યામ પ્રભુ બોલ્યા, ''મને શાક ને રોટલી અત્યારે જ બનાવી આપો. અમને બહુ ભૂખ લાગી છે.'' ચંદનબાઈ ઘનશ્યામ પ્રભુની સેવા કરવા ને જમાડવા તત્પર થયાં. તેઓએ રસોડામાં જઈ ચૂલામાં દેતવા સળગાવી પરવળનું શાક ચડવા મૂક્યું ને લોટ બાંધી રોટલી વણવા પથ્થરની આડણી લેવા ગયાં. તે આડણી (પાટલી) હાથમાંથી પડી ગઈ ને તેના ચાર ટુકડા થઈ ગયા... એ જોઈ ચંદનબાઈ ઉદાસ થઈ ગયાં.

ઘનશ્યામ પ્રભુને ગરમાગરમ રોટલી જલદી જમાડાશે કેમ ? તે બાબતે તેઓ

ચિંતા કરવા લાગ્યાં. તેમને ચિંતા કરતાં જોઈ ઘનશ્યામ પ્રભુ એમની પાસે આવ્યા ને પાટલીના ચારેય ટુકડા હાથમાં લઈ ચંદનમાસીને પરત કરતાં બોલ્યા, “લ્યો, આ પાટલી તો સાવ સાજી જ છે. એ તૂટી નથી...” એમ કહી જેવી હતી તેવી ને તેવી પાટલી તેમને પાછી આપી. ચંદનબાઈ અહોભાવથી ઘનશ્યામ પ્રભુની સામર્થીને જોઈ જ રહ્યા.

થોડી વારમાં જ ચંદનમાસીએ ગરમ ગરમ રોટલી ને ગરમ શાક બનાવી દીધું. ઘનશ્યામ પ્રભુને જમવા બેસાડ્યા. એ જ વખતે આંગણામાં રમતા માણેકધર, બસ્તી ને ઈચ્છારામભાઈ એ ત્રણેય અંદર આવ્યા. ઘનશ્યામ પ્રભુને જમવા બેઠેલા જોઈ ત્રણેએ કહ્યું, “અમને પણ ભૂખ લાગી છે, અમનેય જમવા આપો.”

ચંદનબાઈએ ત્રણેયને કમોદના પૌંઆ તથા દહીં આપ્યું...ત્યારે તેઓ ત્રણેય બોલ્યા, “અમારે આ નથી જમવું. ઘનશ્યામ પ્રભુના જેવું શાક અને રોટલી આપો.” ચંદનબાઈએ કહ્યું, “રોટલી-શાક ઘનશ્યામ પ્રભુ પૂરતાં જ બનાવ્યાં હતાં અને તે એમને પીરસી દીધાં છે. તમારે જમવું હોય તો આ દહીં-પૌંઆ જ જમો.” આ સાંભળી ત્રણેય રિસાઈ ગયા ને ઊભા થઈ ચાલવા લાગ્યા.

ઘનશ્યામ પ્રભુ દયાળુમૂર્તિ હતા. પોતે સહન કરે પણ બીજાને રાજી રાખે એવો એમનો સ્વભાવ હતો.પોતે અગવડ વેઠે તેનું મનમાં કાંઈ નહિ, પણ બીજાને સગવડતા આપે ! તુરત જ ઘનશ્યામ પ્રભુએ ત્રણેયને બોલાવ્યા ને કહ્યું, “ચાલો, આપણે ચારેય આમાંથી ભેગા મળી જમીશું.” એટલે ચંદનબાઈ બોલ્યા, “હે ઘનશ્યામ પ્રભુ ! તમારા થાળમાં બે રોટલી ને થોડું શાક છે. તેમાં તમે શું જમશો ને એમને શું જમાડશો ?” ઘનશ્યામ પ્રભુ બોલ્યા, “એ તો આટલામાંથી અમે ચારેય ધરાઈને જમશું તોય વધશે તે તમે જોજો !”

ચંદનબાઈ ઘનશ્યામ પ્રભુના ભોળપણ ઉપર ને દયાળુ સ્વભાવ પર હસ્યાં. પછી પીરસેલી થાળીમાંથી ચારેય જણ ખૂબ ધરાઈને જમ્યા... જ્યારે તૃપ્ત થયા. ત્યારે જોયું તો પ્રથમ પિરસાયેલી બે રોટલી ને શાક એમનું એમ જ હતું. થાળમાંથી સહેજે ઓછું થયું નહોતું.

ઘનશ્યામ પ્રભુ જમે અને ઓછું થવા ન દે એ જ તો એમની પ્રભુતાઈ છે. વળી પોતે જમે ને ઓછું ન થાય એ બરાબર પણ બીજાને જમાડે ને ઓછું થવા ન દે... એ જ એમની સર્વોપરી પ્રભુતાઈ છે... આવું અદ્‌ભુત ચરિત્ર જોઈ ચંદનબાઈને ઘનશ્યામ પ્રભુ વિષે સર્વોપરી ભગવાનપણાનો નિશ્ચય દૃઢ થયો.

# ખાંપા તલાવડી

ઘનશ્યામ પ્રભુ તથા તેમના બધા બાળમિત્રો વેણી, માધવ, પ્રાગ તથા સુખનંદન વગેરે ઉત્તરાદી દિશામાં તલાવડી પાસે આંબલીના ઝાડની ઘટાદાર છાયામાં રમતા હતા તે સમયે એક ગોવાળ ગાયોનું ધણ લઈને નીકળ્યા.

ઘનશ્યામ પ્રભુએ ગાયો સામું જોઈ ગળામાંથી એવો ઘેરો સાદ પાડ્યો કે એ અવાજ સાંભળી બધી જ ગાયો ઘનશ્યામ પ્રભુની તરફ ઊંચાં મોઢાં કરી, ઊંચાં પૂંછડાં કરી, ભાંભરતી ને હેતના હિંસોરા કરતી દોડતી આવી ગઈ.

ઘનશ્યામ પ્રભુ તથા તેમના સર્વે મિત્રો આંબલીના ઝાડ પર ચડી ગયા. ગાયો ત્યાં જ ઊભી રહી ગઈ ને ઊંચું મોઢું કરી ઘનશ્યામ પ્રભુ સામું જોઈ રહી. ગોવાળ ગાયોને વાળવાનો ઘણો પ્રયત્ન કર્યા કરે છતાં ગાયો ત્યાંથી હટતી નહોતી. આખરે ઘનશ્યામ પ્રભુએ હાથ લાંબો કરી ગાયોને ચાલ્યા જવાનો ઈશારો કર્યો ને તુરંત ગાયો ત્યાંથી ચાલી ગઈ. આ દૃશ્ય જોઈ ગાયોના ગોવાળે કહ્યું, ‘‘આ ઘનશ્યામ છે તે નક્કી ભગવાન છે. તે વિના ગાયોને આવી રીતે કોઈ વશ ન કરી શકે. આ કોઈ દેહધારી સામાન્ય બાળક તો નથી જ !’’

પછી ઘનશ્યામ પ્રભુ આંબલીના ઝાડ પરથી નીચે ઊતરતા હતા ત્યાં પગ લપસ્યો.

“અવું કહીને ઊતરે જ્યાંયે, ખસ્યો ચર્ણ ખાંપો વાગ્યો ત્યાંયે;
જમણી જંઘામાંથી નિર્ધાર, ચાલી શ્રોણિત કેરી ત્યાં ધાર,”[૨]

ઝાડ પરથી ઊતરતાં લપસ્યા તેથી જમણા ચરણના સાથળમાં ઝાડનો ખાંપો ઊંડો પેસી ગયો. તેથી સાથળમાંથી રુધિર વહેવા વાગ્યું. ઘનશ્યામ નીચે પડી ગયા. આજે ઘનશ્યામ પ્રભુને કોઈ વૈદ્યની સેવા લેવી હતી તેથી આ ચરિત્ર આદર્યું હતું. એટલામાં જ એક તેજસ્વી વૈદ્ય આવ્યા. તેમણે ઘનશ્યામ પ્રભુનો ઘાવ સાફ કરી પાટો બાંધ્યો અને વૈદ્ય પગે ચાલી સર્વોપરી પ્રભુની સેવા મળ્યાથી કૃતકૃત્ય થઈ ચાલ્યા ગયા.

ઘનશ્યામને સાથળે વાગ્યું છે તેવા સમાચાર મળતાં સુવાસિનીભાભી ચિંતાતુર થઈ ગયાં. એટલામાં ઘનશ્યામ પ્રભુ સાથળે પાટો બાંધેલી હાલતમાં ઘરે આવી ગયા. સુવાસિનીભાભીએ દોડી ઘનશ્યામ પ્રભુને તેડી લીધા અને છાતી સરસા ચાંપીને પૂછ્યું, ‘‘ઘનશ્યામ પ્રભુ ! ક્યાં વાગ્યું છે ? બહુ લાગ્યું છે ? બતાવો તો !’’

---

૨. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૩૦

“ભાભી ! મને કાંઈ જ વાગ્યું નથી.” એમ કહી ઘનશ્યામ પ્રભુએ પાટો ખોલીને બતાવ્યું. સુવાસિનીભાભીએ જોયું તો ફક્ત ખાંપાનો ઘા પડેલો દેખાયો ને તે પણ રુઝાઈ ગયેલો હતો.

સુવાસિનીભાભીને હૈયે હાશ થઈ કે ઘનશ્યામ પ્રભુને વધુ પડતું વાગ્યું નથી. તલાવડીને કિનારે આ આંબલીનો ખાંપો વાગ્યો તેથી તે તલાવડીનું નામ ખાંપા તલાવડી પડી ગયું.

## વજન વધાર્યું

તરગામથી બલદેવ પ્રસાદ, ધર્મદેવ, ઘેલા ત્રવાડી, મેડઈરામ, વસંતાબાઈ, ચંદનબાઈ, ભક્તિમાતા, રામપ્રતાપભાઈ, ઘનશ્યામ પ્રભુ એ સહુ કાનપુર ગંગાના મેળામાં જવા માટે ગોંડા ગામ થઈ બહરામઘાટ સરયૂ નદી ઊતરી લખનૌમાં એક દિવસ રહ્યાં. ચાર-પાંચ દિવસ એ બાજુ વિચરણ કરી બારાબાંકી ગામે નવાબગંજમાં ધર્મશાળાને વિષે રાત્રિ રોકાયાં.

ત્યાંથી બીજે દિવસે ચાલ્યા ત્યારે ઇચ્છારામને વસંતામાસી તેડીને ચાલતાં હતાં. ઘનશ્યામ પ્રભુએ તે જોઈને ચંદનમાસીને કહ્યું, “ઇચ્છારામભાઈને વસંતામાસીએ તેડ્યા છે. તેમ તમે પણ અમને તેડી લ્યો ને !” તે સાંભળી ભક્તિમાતાએ કહ્યું, “તમે તો મોટા છો. તમારું વજન વધારે હોય તેથી ભાર લાગે એટલે તમને ઉપાડીને ચાલી શકાય નહીં.”

ઘનશ્યામ પ્રભુએ વસંતામાસીને જોઈ કહ્યું, “આ વસંતામાસી તો ઇચ્છારામભાઈને તેડીને ચાલે છે.” એ સાંભળી વસંતામાસીએ કહ્યું, “ઇચ્છારામ તો નાના છે. તેથી તેમાં બહુ વજન નથી. ને તેથી તેનો ભાર લાગતો નથી.” એમ કહી વસંતામાસી આગળ ચાલ્યાં.

ઘનશ્યામ પ્રભુએ ચરિત્ર આદર્યું. એમની ઇચ્છાથી ઇચ્છારામભાઈનું વજન વધુ લાગવા માંડ્યું ને તેમનો ભાર લાગવા માંડ્યો. વસંતામાસીથી ભાર ખમી શકાયો નહીં. તેથી વસંતામાસીએ ઇચ્છારામને નીચે ઉતાર્યા. ભક્તિમાતાએ પૂછ્યું, “ઇચ્છારામને કેમ નીચે ઉતાર્યા ?” વસંતામાસીએ કહ્યું, “એમનો ભાર બહુ લાગવા માંડ્યો. મારાથી ઊંચકી શકાય એવા રહ્યા નહિ એટલે હેઠે ઉતાર્યા છે.” ભક્તિમાતા સમજી ગયાં કે આ ચરિત્ર ઘનશ્યામ પ્રભુનું જ છે.

તેમણે વસંતાબેનને કહ્યું, “તમે ઘનશ્યામને તેડો અને તમે ચંદનબેન,

ઈચ્છારામને તેડો.'' ચંદનબેને ઈચ્છારામને તેડ્યા તો સાવ હલકા લાગવા માંડ્યા. તેમણે કહ્યું, ''ઈચ્છારામમાં તો ભાર જ જણાતો નથી.'' ભક્તિમાતાએ કહ્યું, ''એ તો ઘનશ્યામ પ્રભુને તેડી લીધા તેથી. જો ન તેડ્યા હોત તો ખબર પડત !'' એવી રીતે તેઓ અયોધ્યા બરહટ્ટામાં આવ્યાં તથા કેટલાક દિવસ રહી તરગામને વિષે ગયાં.

દિવ્ય મૂર્તિ ઘનશ્યામ પ્રભુ તો ચાહે ત્યારે ગમે તેમ કરી શકે ! વજન વધારવું હોય તો વધારે ને ઘટાડવું હોય તો ઘટાડે !! ધાર્યું બધું એમનું જ થાય છે ને !!

## વાઘચર્મમાંથી વાઘ

છપૈયામાં એક સમયે સંન્યાસીઓની મોટી જમાત ફરતી ફરતી આવી ચડી. જમાતમાં એક હજાર જેટલા જાત્ય-જાત્યના કોઈ દાઢીવાળા, કોઈ જટાવાળા, કોઈ મુંડનવાળા તો કોઈ ચોટીવાળા, કોઈના હાથમાં ત્રિશૂલ તો કોઈના હાથમાં ભાલા વગેરે આયુધોવાળા બાવાઓની જમાત છપૈયામાં ખાંપા તલાવડીના કાંઠે તંબૂઓ ને રાવટીઓ તાણી ઊતરી હતી.

તેમાંના કેટલાક આગેવાન ચાર-પાંચ બાવા છપૈયા ગામમાં જમાતને જમવા સારુ સીધું માંગવાને માટે નીકળ્યા. તેઓ સીધા ગામધણી મોતી ત્રવાડીના ઘરે ગયા. મોતી ત્રવાડી તો અગમચેતી વાપરી અગાઉથી બાજુના ગામ જતા રહ્યા હતા.

ગામમાં ધર્મદેવની ખ્યાતિ હતી. તેથી તે બાવાઓ ધર્મદેવનું ઘર પૂછતા પૂછતા ઘરે આવ્યા. ધર્મદેવને કહ્યું, ''અમે એક હજાર બાવાઓ છીએ. ગામના પાદર તળાવના કાંઠે અમારો પડાવ છે. જમાત માટે હાલ ને હાલ સીધું કાઢી આપો.'' એવી માંગણી બાવાઓએ ચીપિયા પછાડીને કરી.

ધર્મદેવે કહ્યું, ''અમારા ઘરમાં એક હજાર બાવાઓ જમે એટલું બધું તો સીધું ક્યાંથી હોય ? ને અમારું ગામ પણ નાનું છે. તે બીજેથી પણ એટલું બધું મળે એમ નથી. તેમ છતાં મારી પાસે જે થોડુંઘણું સીધું-સામાન છે તે આપું છું. તેટલું લઈ જાવ. બાકીનું ગામમાં ઘરે ઘરેથી થોડું થોડું ઉઘરાવી લ્યો.''

આ સાંભળી બાવાઓ તો ભડક્યા ને તુમાખીથી કહેવા લાગ્યા, ''અમે કોઈના ઘરે માંગવા જતા નથી. તમારે જે કરવું હોય તે કરો, પણ અમારું સીધું પૂરું કરો.''

ધર્મદેવ આ ધર્મસંકટ જોઈ મૂંઝાઈ ગયા. ચિંતામાં પડી ગયા. ઘનશ્યામ પ્રભુને ખબર પડી તેથી પિતા પાસે આવીને પૂછ્યું, "કેમ ચિંતાતુર છો ?" ધર્મપિતાએ સઘળી હકીકત કહી. ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "બસ આટલી સીધું-સામાનની જ વાત છે ? એમાં શું ? તમે જરાય ચિંતા ન કરો. આપણા ઘરમાંથી જ જેટલું જોઈએ તેટલું સીધું-સામાન મળશે. તેમને જેટલું જોઈએ તેટલું સીધું આપવા માંડો."

ભક્તિમાતા તથા સુવાસિનીભાભી તો ઘરમાંથી અનાજમાં ઘી-ગૉળ, લોટ બધું કાઢ્યે જ જાય પણ કશું ખૂટે નહિ ને તેથી બાવાઓને કહ્યું, "તમારે જેટલી જે વસ્તુ જોઈએ તે લેતા જ જાવ." બાવાઓ તો ભેળું કરવા જ મંડ્યા પણ સીધું-સામાન ખૂટે જ નહિ ને ! લઈ લઈને બાવાઓ થાક્યા ત્યારે કહ્યું, "હવે બસ કરો. આટલું બધું સીધું-સામાન તો અમને હજુ સુધી કોઈ આપી શક્યું નથી. તમે આટલું બધું આપો છો ! છતાં ખૂટતું નથી તેનું કારણ શું ?"

ધર્મદેવ પણ વિચારમાં પડી ગયા કે, 'આટલું બધું સીધું-સામાન આવ્યું ક્યાંથી ? નક્કી આ ઘનશ્યામ પ્રભુનો જ પ્રતાપ છે.' ધર્મદેવે ઘરમાં જોયું તો ઘરમાં સીધું-સામાન એમનું એમ જ હતું. જરાય ઓછું થયું નહોતું. ફરી એમને થયું કે આ ચમત્કાર ઘનશ્યામ પ્રભુનો જ છે.

સાંજે ધર્મદેવ ઘનશ્યામ પ્રભુને સાથે લઈ ખાંપા તલાવડીએ બાવાઓની જમાત જોવા નીકળ્યા હતા. ઘનશ્યામ પ્રભુ સર્વ વૈરાગી પર પોતાની કૃપાદૃષ્ટિ રેલાવતા રેલાવતા ચાલતા હતા.

ત્યાં એક વૈરાગી વાઘચર્મ પર બેસીને તલવારને ઘસતો હતો. ઘનશ્યામ પ્રભુની દૃષ્ટિ વાઘચર્મ પર પડી. તેમણે ધર્મદેવને કહ્યું, "દાદા, આ વાઘચર્મ આપણા ઘરે લઈ આવો ને...!" વૈરાગી આ સાંભળી ગયો. તે અભિમાનપૂર્વક બોલ્યો, "એ લડકા ક્યાં બોલતા હૈ ?"

ધર્મદેવે કહ્યું, "આ તમારું પાથરેલું વાઘચર્મ છે તે માંગે છે." અભિમાન ને ઉદ્ધતાઈથી વૈરાગીએ કહ્યું, "યે ચર્મ કા તો તીનસો રૂપિયા બેસતા હૈ. યે થોડા કોઈ મામૂલી આસન હૈ ?"

ઘનશ્યામ પ્રભુને આ વૈરાગી બાવાનું અભિમાન તેમજ ઉદ્ધતાઈ પસંદ પડ્યા નહીં. સાધુને આવું અભિમાન શોભે ? પ્રભુ ગર્વગંજન છે તે અભિમાનીનું અભિમાન થોડું ચલાવવા દે ? અવશ્ય તેનો ગર્વ ઉતારે જ. બન્યું પણ એવું જ.

ઘનશ્યામ પ્રભુએ વાઘચર્મ પર દૃષ્ટિ કરી ત્યાં જ તેમાંથી વાઘ સજીવન થયો. જીવતા વાઘને જોઈને વૈરાગી તો રાડ્ય પાડી ગયો. "આ વાઘ મને હમણાં ફાડી ખાશે. મને બચાવો." એમ રાડ્યો પાડવા લાગ્યો. આ દૃશ્ય જોઈ આખી જમાતમાં ભાગ-દોડ મચી ગઈ. સહુ છિન્નભિન્ન થઈ ગયા.

વળી, ઘનશ્યામ પ્રભુને દયા આવી તેથી સર્વ વૈરાગીને બોલાવ્યા, શાંત કર્યા ને કહ્યું, "વાઘ કોઈને કશું નહિ કરે. આ તો અભિમાનીનું અભિમાન ઉતારવું હતું. તેથી અમારી ઈચ્છાથી થયું છે." પછી તે અભિમાની વૈરાગીએ ઘનશ્યામ પ્રભુ પાસે આવી સ્તુતિ-પ્રાર્થના કરી, "તમે નક્કી ઈશ્વર છો. અવતારી છો. મારા અવિવેક બદલ, અભિમાન બદલ ક્ષમા કરો. પ્રભુ ! હું આપને ઓળખી ન શક્યો. આપ આવા સમર્થ છો તેની મને ખબર નહોતી. પ્રભુ ! મારી ભૂલને ભૂલી જઈને મારા પર રાજી થજો."

ઘનશ્યામ પ્રભુએ વૈરાગીનો સાચો પસ્તાવો જોઈ તેને માફ કર્યો. તેના પર અમીદૃષ્ટિ કરી ધર્મપિતા સાથે ઘર તરફ ચાલી નીકળ્યા.

## બત્રીસી બહાર કઢાવી

ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો હંમેશાં પોતાને વિષેથી મનુષ્યભાવ કઢાવી દિવ્યભાવની દૃઢતા કરાવવા સારુ જ હોય છે. તેમના મનુષ્યચરિત્રમાં પણ દિવ્યતાને જણાવી પોતે મનુષ્ય જેવા નથી એ વાતની પ્રતીતિ કરાવી દેતા.

એક દિવસ ઘનશ્યામ પ્રભુએ દાઢ્ય દુઃખે છે એવું જણાવ્યું. જમવા બેઠા ત્યારે જમવામાં મુશ્કેલી પડતી. થોડું પણ ચાવે તો દાઢ દુઃખવા માંડે. તેઓ થોડું જમી દાઢ્ય બહુ દુઃખી તેથી ઊભા થઈ ગયા. સુવાસિનીભાભીએ પૂછ્યું, "કેમ જલ્દી, પૂરું જમાડ્યા વિના ઊભા થઈ ગયા ?" ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "મને મુખમાં દાઢ્ય અતિશે દુઃખે છે. ને દાઢ્ય હલે પણ છે. તેથી જમાયું નહીં." સુવાસિનીભાભીએ કહ્યું, "તો તો દાઢ્યને કાઢી નાખવી જ સારી."

ઘનશ્યામપ્રભુએ કહ્યું, "ભાભી લ્યો. આ દુખતી દાઢ્ય ખેંચી કાઢો." એમ કહી મુખ પહોળું કર્યું. સુવાસિનીભાભીએ હાથ વડે કરી દાઢ્યને ખેંચી કાઢી. હલતી હતી તેથી તરત દાઢ્ય નીકળી ગઈ. વળી પાછું ઘનશ્યામ પ્રભુએ અલૌકિક ચરિત્ર આદર્યું. તેમણે ફરી સુવાસિનીભાભીને કહ્યું કે, "જુઓ આ પડખે બીજી દાઢ્ય છે તે પણ હલે છે ને દુઃખે છે." એમ કહી જીભે કરીને તેમણે દાઢ્ય

હલાવી. "માટે ભાભી ! આને પણ તમે કાઢી આપો." સુવાસિનીભાભીએ તે દાઢચ પણ ખેંચી લીધી, વળી ઘનશ્યામ પ્રભુએ ફરી કહ્યું, "આ ત્રીજી પણ દુઃખે છે." એમ કહી વારાફરતી આખી બત્રીસી સુવાસિનીભાભી પાસે કઢાવી નાંખી.

ઘનશ્યામ પ્રભુનું બોખું મુખ જોઈ સુવાસિનીભાભી ઉદાસ થઈ ગયાં. તેમને થયું કે, 'ઘનશ્યામ પ્રભુથી હવે જમી કેવી રીતે શકાશે ?' આ વાત તેમણે ભક્તિમાતાને કરી.

ભક્તિમાતાએ પણ ઉતાવળા આવી ઘનશ્યામ પ્રભુને કહ્યું, "તમારું મુખ ખોલો જોઈ ! કેમ બધી બત્રીસી કઢાવી નાંખી ?" ઘનશ્યામ પ્રભુ મલકાવા માંડ્યા ને બોલ્યા, "જુઓ દીદી..." એમ કહી મુખ પહોળું કર્યું. ભક્તિમાતાએ જોયું તો એકેય દાંત કે દાઢચ પડેલી જોઈ નહીં. સંપૂર્ણ બત્રીસી એમ ને એમ જ હતી. ભક્તિમાતાએ સુવાસિનીભાભીને બોલાવીને ઘનશ્યામ પ્રભુનું મુખ જોવાનું કહ્યું. ભાભીએ જોયું તો આખી બત્રીસી એમ ને એમ જ હતી. પછી નીચે જોયું તો મુખમાંથી કઢાવેલા દાંત ને દાઢચોની પણ ઢગલી કરેલી પડેલી હતી.

આવું અદ્‌ભુત ચરિત્ર જોઈ ભક્તિમાતા તથા સુવાસિનીભાભીને આશ્ચર્ય થયું. સુવાસિનીભાભીએ પૂછ્યું, "ઘનશ્યામ પ્રભુ ! તમે આ શું ચરિત્ર કર્યું ?" ત્યારે ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "તમોને અમારા દાંત પડતા જોઈને બીજા માણસની માફક મનુષ્યભાવ આવ્યો તેને દૂર કરવા સારુ અમે આ ચરિત્ર કર્યું છે !" ત્યારે સુવાસિનીભાભીએ પણ પ્રાર્થના કરતાં કહ્યું, "હવેથી તમારે વિષે કદી મનુષ્યભાવ ન આવે. અખંડ દિવ્યભાવ રહે એવી કૃપા મારા પર કરશો ને હું પણ એ વાતનો ખટકો રાખીશ."

જેના પર મહારાજ અને મોટાપુરુષની અનહદ કૃપા હોય તેને જ પોતાની ભૂલો ઓળખાવે છે અને એટલા જ તેને ટળાવવા માટે યત્નશીલ રહે છે. માટે પોતાની ભૂલ કોઈ ઓળખાવે તો તેનો સ્વીકાર કરવો ને પછી તેને ટાળવાનો પ્રયત્ન કરી સત્સંગમાં આગળ વધવું એ સાચા ગરજુ ને મુમુક્ષુનું લક્ષણ છે.

## કોણ ગુનેગાર

ઘનશ્યામ પ્રભુએ જ્યારે મનુષ્ય જેવું નાટક ધારણ કર્યું છે ત્યારે નાટક બરાબર ભજવી તો જાણવું જોઈએ જ ને !

પ્રભુ બીતા, ભાગતા, હારતા, ચોરી કરતા આવાં અનેક ચરિત્રો કરતા

છતાં તે મનુષ્ય જેવા તો નથી જ. મનુષ્યચરિત્રમાં દિવ્યચરિત્ર તો હોય જ !

બાળ ઘનશ્યામ પ્રભુ અને મિત્ર વેણીરામ કેટલાક દિવસથી એવું શીખેલા કે ક્યારેક વેણીરામને ઘેર કોઈ ન હોય ત્યારે તેના ઘરમાં પેસી જવું અને ક્યારેક ઘનશ્યામના ઘરમાં કોઈ ન હોય ત્યારે તેમના ઘરમાં પેસી જવું. અને પછી શીંકામાં દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, ગૉળ જે ખાવાની વસ્તુ હાથમાં આવે તે ચોરી કરીને ખાઈ જવી અને પાછું બધું સરખું કરી દેવું કે જેથી કોઈને ખબર ન પડે. આવી રીતે તેઓ કોઈ દિવસ કોઈના હાથમાં ઝડપાતા નહીં.

ઘણી વાર વેણીરામનાં માતુશ્રી લક્ષ્મીબાઈ છોટીબા એટલે ભક્તિદેવીને ફરિયાદ કરતાં કે, "તમારો ઘનશ્યામ મારા ઘરમાં પેસી જઈ રોજ બગાડ કરે છે." પણ કોઈને પોતાના છોકરાનો વાંક દેખાય ખરો ? છોટીબા પણ સામે વેણીરામની ફરિયાદ કરતા.

એટલે લક્ષ્મીબાઈએ તો નક્કી કર્યું કે, એક વખત ઘનશ્યામને ચોરી કરતા પકડવા ને પછી દોરડે બાંધી છોટીબાને નજરોનજર બતાવવું.

અને એક દિવસ બપોરના સમયે ઘનશ્યામ અને વેણીરામ છાનામાના જેવા લક્ષ્મીબાઈના ઘરમાં પેઠા ને ડબા પર ડબો મૂકી તેની ઉપર શીંકુ ઉતારવા ચડ્યા કે તરત સંતાઈ રહેલાં લક્ષ્મીબાઈએ આવીને પકડ્યા. પણ પોતાના વેણીરામને નિર્દોષ બતાવવા તેને કાઢી મૂક્યો ને ઘનશ્યામને પકડી થાંભલા સાથે દોરડેથી બાંધી દીધા.

પછી હરખાતાં હરખાતાં સુવાસિનીબાઈ, છોટીબા તથા આજુબાજુની બાઈઓને બોલાવી લાવ્યાં અને કહ્યું, "જુઓ, આ છોટીબાના ઘનશ્યામનાં પરાક્રમ."

પણ... પણ બધાંને બાંધેલા વેણીરામ જ દેખાય અને એકલાં લક્ષ્મીબાઈને જ ઘનશ્યામ દેખાય. બધાંએ કહ્યું, "આ તો તમારો વેણીરામ છે. તમે આમ ઘનશ્યામને ખોટેખોટા કેમ ચોર ઠેરાવો છો ?"

હવે લક્ષ્મીબાઈ કેમ પોતાની સત્યતા બતાવે ? કોઈથી કળ્યા કળાય નહિ એવા અકળમૂર્તિ ઘનશ્યામ પ્રભુની લીલાનો પાર કોણ પામી શકે ?

અને બધાના દેખતા ઘનશ્યામ પ્રભુ તો હાથમાં ગૉળનું ઢેફું લઈને ખાતા ખાતા બહાર શેરીમાંથી ત્યાં ટોળા આગળ આવ્યા ને અજાણ્યા થઈ પૂછવા લાગ્યા, "શું થયું.. શું થયું...?"

લક્ષ્મીબાઈ તો આભાં જ બની ગયાં ! ચોર ઠેરાવવા ગયા ઘનશ્યામને અને ઠરી ગયો વેણીરામ. આ તો ભગવાન હતા. એમની વાતેય થાય નહિ ને એમનો વાદ પણ થાય નહીં. આ તો ઘનશ્યામ પ્રભુએ કરેલું અદ્‌ભુત ચરિત્ર હતું. તે ચોરી નહોતી. સહુને સુખિયા કરવા, આશ્ચર્યમાં ગરકાવ કરવા તેઓ આવાં દિવ્ય ચરિત્ર કરતા. આપણે તો એ કહે એમ કરવું. એ કરે એમ ન કરવું.

# ૨

# યજ્ઞોપવીત અને ગૃહત્યાગ

## (આ. સં. ૧૮૪૫-૪૭, ઈ. સ. ૧૭૮૮-૯૧)

---

### યજ્ઞોપવીત

ઘનશ્યામ પ્રભુ તરગામને વિષે રોકાયા હતા. ધર્મદેવને થયું કે, 'ઘનશ્યામ પ્રભુને આઠ વર્ષ થયાં છે; તેમને યજ્ઞોપવીત સંસ્કાર આપવાના બાકી છે. તે યજ્ઞોપવીત સંસ્કાર આપવાનો સમય આવી ગયો છે.' ધર્મદેવે ઘનશ્યામ પ્રભુને યજ્ઞોપવીત આપી દેવાનું નક્કી કર્યું. આ વાત તેમણે વશરામ ત્રવાડી તેમજ અન્ય સગાં સંબંધીઓને જણાવી.

સહુએ ભેગા મળી ઘનશ્યામ પ્રભુને અયોધ્યા પોતાના નિવાસસ્થાને યજ્ઞોપવીત આપવાનું કાર્ય કરવું તેમ નક્કી કર્યું. યજ્ઞોપવીત આપવાનો દિવસ પણ સંવત ૧૮૪૪, મહા સુદ દશમ નક્કી કર્યો. ધર્મદેવ સપરિવાર અયોધ્યામાં બરહટ્ટામાં પોતાના નિવાસસ્થાને પહોંચ્યા. ઘનશ્યામ પ્રભુના યજ્ઞોપવીત પ્રસંગમાં સહુ સગાં-સ્નેહીજનોને સ્નેહથી આમંત્રણ પાઠવ્યાં. સહુ સ્નેહીજનો યજ્ઞોપવીત પ્રસંગને માણવા અયોધ્યાને વિષે ધર્મદેવના ઘેર પધાર્યા.

ધર્મદેવે બરહટ્ટા શેરીમાં આવેલા પોતાના નિવાસસ્થાનને ખૂબ સુંદર શણગાર્યું હતું. ઘરની આગળ સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો. આસોપાલવ તથા વિવિધ તોરણોથી મંડપને શણગાર્યો હતો. આવનાર સગાંસંબંધીઓને જમાડવા માટે સીધું-સામાન એકઠું કરી રાખ્યું હતું.

મહા સુદ દશમનો મંગલકારી દિવસ આવી ગયો. વહેલી સવારથી જ ઘરને આંગણે શરણાઈઓના સૂર રેલી ઊઠ્યા. ઘનશ્યામ પ્રભુને રાજી કરવા સ્ત્રીઓ મંગલ ગીતો ગાવા લાગી. ઘનશ્યામ પ્રભુને મસ્તકે મુંડન કરાવવામાં આવ્યું. યજ્ઞકુંડમાં અગ્નિ પ્રજ્વલિત કર્યો ને વિધિ ચાલુ થયો.

ઘનશ્યામ પ્રભુ પીળું પીતાંબર પહેરી માતા-પિતા અને મોટા ભાઈને પગે લાગી યજ્ઞમાં બેઠા. આકાશમાં આ સર્વોપરી પ્રભુના મંગલકારી પ્રસંગના સાક્ષી બનવા ને દર્શન કરી ધન્ય ધન્ય થવા અનંત મુક્તોની ઠઠ જામી ગઈ હતી. પ્રભુએ આજે બ્રહ્મચારીનો વેશ ધારણ કર્યો હતો. તેમને ડાબા સ્કંધે યજ્ઞોપવીત ધારણ કરાવી હતી. કપાળને વિષે ઊર્ધ્વપુંડ્ર તિલક ને ચાંદલો શોભી રહ્યાં હતાં. હવે, ઘનશ્યામને બડવો દોડાવવાનો હતો એટલે મુંજની મેખલા, પલાશનો દંડ અને કૌપીન ધારણ કરાવ્યાં. આમ વાજતે-ગાજતે સહુ ચોકમાં આવ્યા.

ઘનશ્યામ મહાપ્રભુએ વિચાર્યું કે અમે અનંત જીવને અમારા સર્વોપરી સ્વરૂપની ઓળખાણ કરાવવા સારુ પ્રગટ્યા છીએ તે સંકલ્પને પૂર્ણ કરવાનો આ અવસર આવ્યો છે. તેને નિમિત્ત કરી બડવો દોડીને વશરામમામાના હાથમાં આવવું નથી. એવો દૃઢ સંકલ્પ કરી પોતે દોડ્યા. આગળ ઘનશ્યામ ને પાછળ મામા એમ દોડ્ય ચાલુ થઈ. મામાને એમ કે હમણાં પકડી પાડું, હમણાં પકડી પાડું. પણ ઘનશ્યામ પકડાતા જ નથી. તેઓ દૂર દૂર નીકળી ગયા હતા.

“દંડ કમંડળું મૃગછાળા, તુલસીમાળ વિશાળ મેખળા,
પછી માતાએ આપ્યાં ટીમણ, પેંડા પતાસાં જોડ્યે જમણ,
પીળી આંગિ પાઘ શિર પર, ખભે ખાખરદંડ સુંદર,
ચાલ્યા ભાતું બાંધી બ્રહ્મચારી, ભણવા કાશીએ કરી તૈયારી,
નિસર્યા ઘરથી ગામ બહાર, નથી વળવું એ નિરધાર,
ચાલ્યા ઠાવકો ઠરાવ કરી, માયા સંબંધીની પરહરી,
કેડ્યે ધોડી ધોડી મામો હાર્યો, ન પહોંચાણું પછી તે પોકાર્યા,
કહે વળો વળી વર્ણીરાજ, માતપિતાને પાળવા કાજ,
પછી હરિ વિચારી એ મર્મ, થાશે દુ:ખી બાળા વળી ધર્મ,
માટે હમણાં તો પાછો વળું, પછી સમો જોઈને નીકળું...”[3]

મામા તો હાંફી ગયા અને અંતે હતાશ થઈ બેસી ગયા. ઘનશ્યામ પ્રભુએ

---

૩. ભક્તચિંતામણિ : પ્રકરણ-૨૨

અંતર્યામીપણે જાણી લીધું ને વિચાર્યું કે જો હું આમ અત્યારે દોડીને કદાચ ભાગી જઈશ, ગૃહત્યાગ કરીશ તો મારા માતા-પિતાને ખૂબ દુઃખ લાગશે. પરંતુ જે હેતુ માટે અમે આવ્યા છીએ તે હેતુ જરૂર પૂર્ણ કરવો જ રહ્યો. પણ તે પહેલાં માતા-પિતાને દિવ્યગતિ આપી પછી જ કરવું એમ વિચારી પાછા વળ્યા. મામાના આનંદનો પાર નથી. તેમણે લાડકવાયા ઘનશ્યામ પ્રભુને ખભે તેડી લીધા, અને ઘરે લાવ્યા. સહુના અંતરે આનંદ આનંદ છવાઈ ગયો ને ઘનશ્યામ પ્રભુનો યજ્ઞોપવીત પ્રસંગ સુંદર રીતે પૂર્ણ થયો.

## એકાદશીનો ઉપવાસ કરવો

ઘનશ્યામ પ્રભુ નિત્યક્રમ પ્રમાણે વહેલા ઊઠી સ્નાનાદિક ક્રિયાથી પરવારી, પૂજા-પાઠ કરતા. એકાદશીનો દિવસ હોય તો એકાદશીનો ઉપવાસ પણ કરતા. આજે એકાદશીનો દિવસ હતો. તેઓ અયોધ્યામાં વિવિધ સ્થળોમાં વિચરણ કરી પોતાની પદરજથી ભૂમિને-તીર્થોને પાવન કરતા તેમજ અનેક મુમુક્ષુઓને પોતાનાં દર્શન આપી ફદલમાં કલ્યાણ કરી સહુને ફવડાવતા.

ઘનશ્યામ પ્રભુ હનુમાન ગઢી પર સભામંડપને વિષે કથાવાર્તા ચાલતી હતી ત્યાં પધાર્યા છે. મોહનદાસ નામના વૈરાગી કથા કરી રહ્યા હતા. કથાને વિષે કેટલાક વૈરાગી લોકો તેમજ બાઈ-ભાઈ પણ બેઠાં હતાં. કથા ચાલતી હોવાથી ઘનશ્યામ પ્રભુ પણ કથામાં શું આવે છે તે સાંભળવા સભામાં બેસી ગયા. કથામાં આવ્યું કે એકાદશીનું વ્રત સહુ નર-નારીએ અવશ્ય કરવું જોઈએ. એકાદશીના ઉપવાસનું મહાત્મ્ય ને તેનું ફળ ઘણું મોટું છે. એકાદશીના ઉપવાસથી પ્રભુની પ્રસન્નતા ખૂબ થાય છે.

આ સાંભળી ઘનશ્યામ પ્રભુએ કથાકારને પૂછ્યું, “એકાદશીના વ્રતનું આટલું બધું મહાત્મ્ય શાસ્ત્રમાં લખેલ છે તેમ છતાં ઘણા લોકો એકાદશી કેમ કરતા નથી ?”

વૈરાગી મોહનદાસને આ પ્રશ્ન ગમ્યો નહીં. થોડા રોષ સાથે તેઓ બોલ્યા, “આ મનુષ્યદેહ પ્રભુએ આપ્યો છે તે સુખ ભોગવવા માટે છે. એકાદશી કરીને દેહને શા માટે કષ્ટ દેવું પડે. આ દેહ કાંઈ દુઃખ ભોગવવા સારુ નથી. ભૂખ્યા રહીએ તો આત્માને કેટલું બધું કષ્ટ પડે ? ભૂખ્યા રહીને દુઃખ સહન કરવું તે તો બહુ ખોટું કહેવાય. આ દેહે કરીને ખાઈ-પીને મોજમજા કરવી જોઈએ. તે સારુ તો ભગવાને મનુષ્યજન્મ આપ્યો છે. ફરી ફરીને થોડો મનુષ્યજન્મ મળવાનો

છે ? અને જે દિવસે અન્ન ન મળે તે દિવસે એકાદશી જ છે ને ! માટે હે બાળક ! તું પણ એકાદશીનો ઉપવાસ કરીને દેહને કષ્ટ ન આપતો ! ને કષ્ટને ન પામતો.''

ઘનશ્યામ પ્રભુ મોહનદાસનો આવો ઊંધા પાટે ને અધર્મના માર્ગે લઈ જનારો ઉપદેશ સાંભળી ચોંકી ઊઠ્યા. આ તો કેટલાયને આવો અવળો ઉપદેશ આપી અવળા માર્ગે ચડાવે છે. પોતાનું તો બગાડે છે પણ સાથે કેટલાય મુમુક્ષુઓનું પણ બગાડે છે. માટે એને કંઈક કહેવું જોઈશે, સાચી શિખામણ આપવી પડશે.

ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''મોહનદાસ ! તમે લોકોને ખોટો ઉપદેશ આપી અવળા માર્ગે ચડાવો છો. તમારી વાત તદ્દન ખોટી છે. શાસ્ત્ર વિરુદ્ધ છે. તેનું તમને અવશ્ય પાપ લાગશે ને તે તમારે ભોગવવું પણ પડશે.''

વૈરાગી તાડુક્યા, ''તું આવડો એવો મને ઉપદેશ આપે છે ? શાસ્ત્રની વાતો મને શિખવાડે છે.''

ઘનશ્યામ પ્રભુએ જાણ્યું કે આ સીધી રીતે નહિ સમજે. તેની સામું પ્રભુએ વક્રદૃષ્ટિ કરી ત્યાં જ વૈરાગીને થઈ ગઈ સમાધિ. સમાધિમાં વૈરાગી યમપુરીમાં ગયા. યમના દૂતો કહે, ''ત્યાગી થઈને એકાદશી કરવાની સર્વેને ના પાડે છે ? આવો અવળો ઉપદેશ કરીને કેટલાયને તારા જેવા પાપી કરે છે તે તેનું ફળ તું ભોગવ...!'' એમ કહી વૈરાગીને યમના દૂતો મારવા લાગ્યા. વળી કહ્યું, ''આ સર્વોપરી એવા ઘનશ્યામ પ્રભુને નાના બાળક જાણીને એમની આજ્ઞાની અવજ્ઞા કરી છે તેનું ફળ પણ તું ભોગવ.'' એમ કહી બધાય યમદૂતો મારવા માંડ્યા.

વૈરાગી માર ખાય છે યમપુરીમાં ને તેમનો દેહ અહીં મંદિરમાં ઊંચે ઊંચે ઊછળી રહ્યો છે. તે મોટેથી બૂમો પાડે છે : ''મને બચાવો... મને બચાવો... યમના દૂતો મને મારે છે. મેં એકાદશી ન કરી ને જે કેટલાય કરતા તેને ખોટો ઉપદેશ કરીને એકાદશી બંધ કરાવી તેનું જે પાપ છે તે મારે ભોગવવું પડે છે. અરે, કોઈ મને બચાવો. આ યમના દૂતો મને મારી નાખશે. હવેથી હું કાયમ એકાદશી કરીશ તેમજ બીજા માણસોને પણ એકાદશી કરવાનો ઉપદેશ આપી એકાદશી કરાવીશ. અત્યારે મને છોડી દો...'' આવું વૈરાગીનું બોલવાનું સાંભળી કથા સાંભળનાર જે હતા તેમને ઘણું આશ્ચર્ય થયું. તેઓ ઘનશ્યામ પ્રભુ સામું જોઈ કહેવા લાગ્યા, ''યમપુરીના ત્રાસથી આ બાવાજીને આપ છોડાવો તો સારું...!''

ઘનશ્યામ પ્રભુએ ફરી દૃષ્ટિ કરી ત્યાં વૈરાગીને સમાધિ ઊતરી ગઈ. વૈરાગી

સમાધિમાંથી જાગ્રત થઈ તુરત ઘનશ્યામ પ્રભુના ચરણમાં પડી ગયા. ને પછી વૈરાગી ઊભા થઈ સહુ સભાજનોને કહેવા લાગ્યા, ‘‘સાંભળો, આ ઘનશ્યામ કોઈ બાળક નથી. તેઓ તો સર્વોપરી, સર્વાવતારી ઘનશ્યામ પ્રભુ છે. મેં તેમની આજ્ઞાને માની નહીં. તમને બધાને ખોટો ઉપદેશ આપી, અવળા માર્ગે લઈ ગયો. મેં કદી એકાદશી કરી નથી તેમજ તમને કરવા દીધી નથી. તેનું ફળ યમપુરીમાં યમદૂતોનો માર ખાઈ ખાઈને ભોગવવું પડે છે. તેને મેં ભોગવ્યું ને નજરે જોયું છે. માટે હવે હું આજથી નિયમ લઉં છું કે એકાદશી નિયમિત કરીશ. લોકોને એકાદશી કરવાનો ઉપદેશ આપીશ. અને તમે સહુ પણ આજથી જ એકાદશી કરવાનું શરૂ કરી દો.’’ એવું કહી વૈરાગી ઘનશ્યામ પ્રભુને ચરણે પડી માફી માંગી. ઘનશ્યામ પ્રભુનું પૂજન કરી તેમને રાજી કર્યા. તે દિવસથી સહુએ નક્કી કર્યું કે એકાદશી તો અવશ્ય કરવી જ.

## ધર્મદેવનું ધ્યાન

ધર્મદેવ રોજના નિત્યક્રમ મુજબ પૂજાપાઠ, ધ્યાન-ધારણા વગેરે કરતા હતા. તેઓ આજે પણ ધ્યાન કરવા બેઠા. ધ્યાનને વિષે ભગવાનની મૂર્તિ ધારવા લાગ્યા. ધ્યાનમાં ભગવાનની મૂર્તિ ધરાણી નહીં. કેટલોય પ્રયાસ કર્યો પણ મૂર્તિ ધરાતી નહોતી. ધ્યાનમાં તેમને બાળ ઘનશ્યામ પ્રભુ જે અવરભાવમાં તેમના પુત્ર હતા તેમની મૂર્તિ દેખાવા લાગી.

ધર્મદેવને થયું કે પુત્રપ્રેમને લીધે પ્રભુને વિસરી જવાયા છે ને તેથી પુત્રની મૂર્તિ ધ્યાનમાં દેખાય છે. તેમણે પુત્રની મૂર્તિને વિસારી દેવા પ્રયત્ન કર્યા. પણ તે પ્રયત્ન વ્યર્થ ગયા. નેત્રો બંધ કરે ને સહેજે જ ઘનશ્યામ પ્રભુની મૂર્તિ ખડી થઈ જાય.

“મહા રે મુનિના ધ્યાનમાં ના’વે, તે રે શામળિયોજી મુજને બોલાવે.”

મોટા મોટા ધ્યાનીઓ, તપસ્વીઓ, જોગીઓને પણ ધ્યાનમાં દર્શન ન થાય તે સર્વોપરી ઘનશ્યામ પ્રભુની મૂર્તિ અકારણ કૃપાથી ધર્મદેવને દેખાવા લાગી હતી. તેમને તો પુત્રભાવે ભગવાનનો ભાવ વિસરી જવાયો હતો. તેથી ધ્યાનમાંથી તે મૂર્તિ હટાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા છતાં તે મૂર્તિ હટતી નથી. ધર્મદેવ મૂંઝાણા કે આજે કેમ આવું થાય છે ? મારા ધ્યાનમાં કાંઈ ભૂલ પડી કે શું ? એમ જાણી ઉદાસ થઈ ગયા ને ધ્યાન કરવું પડતું મેલ્યું. થોડી વાર ઘનશ્યામ પ્રભુ

તેમની પાસે આવ્યા ને પૂછ્યું, ‘‘દાદા ! તમે કેમ આજે ઉદાસ છો ? ધ્યાનમાં ભગવાનની મૂર્તિ ધરાતી નથી એટલે ને ? સાંભળો, દાદા ! અમારી ઇચ્છાએ કરીને જ એવું બન્યું છે. તમારા ઘરે અમે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન છીએ ને તમે શા માટે બીજાનું ધ્યાન કરો છો ? પરોક્ષ અવતારનું ધ્યાન કરો એમાં અમારી રુચિ નથી. તમને જે મૂર્તિ મળી છે તેનું ધ્યાન કરો ને ! શા માટે અન્યનું ધ્યાન કરવું જોઈએ ? સહેજે સહેજે તમને આ મૂર્તિનાં દર્શન ધ્યાનમાં થાય છે. તે તો આપના પર અમે કરેલી બહુ મોટી કૃપા છે. તમે અમારે વિષેથી પુત્રપણાનો ભાવ મૂકી દો. અમે કોઈના પુત્ર નથી. જુઓ અમે કેવા છીએ ?’’ એટલું કહ્યું ત્યાં ધર્મદેવને તેજ તેજના અંબારમાં અલૌકિક તેજોમય મૂર્તિ એવા ઘનશ્યામ પ્રભુનાં દર્શન થયાં.

ધર્મદેવે તુરત બે હાથ જોડી સ્તુતિ કરતાં કહ્યું, ‘‘હે ઘનશ્યામ પ્રભુ ! તમે તો સર્વ કારણના કારણ છો. અક્ષર થકી પર અક્ષરાતીત પુરુષોત્તમનારાયણ છો. એ હું દેહભાવના યોગે કરીને ભૂલી ગયો હતો. મને ક્ષમા કરશો. તેમજ હવેથી, તમારે વિષે કદી પુત્રપણાના ભાવ ન જન્મે અને સર્વોપરી, સર્વ કારણના કારણ એવા સનાતન ભગવાન છો એવા ભાવ કદી ન મટે, કદી તેની વિસ્મૃતિ ન થાય એવી મારા પર કૃપા કરજો.’’

## મૂર્તિની મર્યાદા

ધર્મદેવ-ભક્તિમાતા-રામપ્રતાપભાઈ-સુવાસિનીભાભી તથા ઘનશ્યામ પ્રભુ એમ સહુ અયોધ્યાથી છપૈયાપુર જવા નીકળ્યાં. માર્ગે ચાલતાં બાળ ઘનશ્યામ પ્રભુએ સુવાસિનીભાભીને સેવા આપવા માટે થાક જણાવ્યો. સુવાસિનીભાભીએ પણ આ સેવાને ઝડપી અત્યંત રાજી થઈ વ્હાલથી ઘનશ્યામ પ્રભુને તેડી લીધા. અનેરા મહાત્મ્યથી સેવા કરે તેને ભાર શું ને થાક શું લાગે ? ચાલતાં ચાલતાં સહુ વચ્ચે મખોડાતીર્થમાં આવ્યાં.

ત્યાં એક નિરવ-શાંત જગ્યામાં મંદિરમાં વિશ્રામ લેવા સારુ રોકાયાં. ઘનશ્યામ પ્રભુની દિવ્યદૃષ્ટિ ને ચકોર દૃષ્ટિથી કોણ બચી શકે ? મંદિરના પૂજારી હતા તેમને મૂર્તિઓની મર્યાદા ન હતી. મૂર્તિઓને વિષે પ્રગટભાવ ન હતો. માત્ર ચિત્ર-પાષાણાદિકનો ભાવ હતો. એવા પૂજારી પ્રભુની પૂજા કરે તેનાથી શું વળે ? પ્રભુનો રાજીપો તો નહિ, પણ નારાજગી જ મળે.

મંદિરમાં પૂજારી હતા તે મૂર્તિઓની આગળ મૂર્તિઓની મર્યાદા રાખ્યા વિના જ પોતાના શરીરને શૃંગારી રહ્યા હતા. પૂજારી પોતાના માથા પરના વાળને દાંતિયા-કાંસકા વડે વારંવાર સંવારી પટિયા પાડતા હતા. માથા પરના વાળના ગુચ્છને કાંસકા વડે સજાવતા હતા. આ તો નર્યું દેહાભિમાન કહેવાય તેમજ પ્રભુની મૂર્તિ આગળ ફેલ-ફતૂર કર્યા કહેવાય. પ્રભુની મર્યાદા, એમની ગરિમાનો લોપ કર્યો કહેવાય.

તેની ખબર પ્રભુની પૂજા કરતા હોવા છતાં પૂજારીને નહોતી, પણ સ્વયં ઘનશ્યામ પ્રભુથી આ કશું અજાણ્યું ન હતું. તેઓ પૂજારી પાસે ગયા. તેમણે પૂજારીને મૂર્તિને વિષે પ્રગટભાવની વાત કરી : ''મૂર્તિ એ કોઈ ચિત્ર-પાષાણ નથી. સ્વયં ભગવાન પોતે છે. તેની તમે મર્યાદા કેમ રાખતા નથી ? પ્રગટભાવ ન હોય એવી સેવા પ્રભુ અંગીકાર કરતા નથી.

લોકમાં મોટા માણસ આગળ પણ અદબ પ્રવર્તતી હોય તો પછી આ પ્રભુ પાસે કેમ મર્યાદા જળવાતી નથી ? જો તમે ભગવાનને વિષે આવો દિવ્યભાવ નહિ રાખો તો અવશ્ય તમારે તેનું ફળ ભોગવવું પડશે.''

આવા નાનકડા બાળ ઘનશ્યામ પ્રભુના મુખેથી ઉપદેશ સુણી પૂજારીને અહોભાવ થયો. તેમણે પોતાની ભૂલ કબૂલી તેમજ 'હવે પછીથી આ કુટેવનો પણ કાયમી ત્યાગ કરું છું; સદાય પ્રભુની મર્યાદા રાખી, એમને વિષે દિવ્યભાવ રાખીશ.' એવી ટેક લઈ ઘનશ્યામ પ્રભુને રાજી કર્યા. પૂજારીને ઘનશ્યામ પ્રભુનો અતિશે મહિમા સમજાયો ને તેમનો ઘણો સારો સત્કાર કર્યો. થોડો સમય ત્યાં વિશ્રામ કરી ધર્મદેવ પરિવારસહ ત્યાંથી ચાલીને છપૈયા પધાર્યા.

આ પ્રગટભાવની દૃઢતા આપણને પણ ક્ષણે ક્ષણે રહેવી જોઈએ. તો જ ઘનશ્યામ પ્રભુ રાજી થાય.

"હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો…"

## બળદ ચાલી શક્યો નહિ

દીનનગરમાં રામદીન કણબીનો બળદ બહુ સારો હતો. મોતી ત્રવાડીને તે બળદ લેવાની ઇચ્છા હતી. તેથી ધર્મદેવને સાથે લઈ બળદ લેવા સારુ તેમની પાસે આવ્યા. ધર્મદેવની સાથે ઘનશ્યામ પ્રભુ પણ સાથે આવેલા. સહુ બળદ જોવા ગયા. એ વખતે બળદને સાચવનારો વ્યક્તિ હતો તે બોલ્યો કે, ''આ બળદ

સારામાં સારો છે. બહુ બળૂકો છે. તેને પચાસ મણના ગાડે જોડ્યો હોય તોપણ ખેંચી જાય.''

ઘનશ્યામ પ્રભુ સામે હતા. તેઓ ચરિત્ર કર્યા વગર શાના રહે ? તેમણે મામાને કહ્યું, ''મામા ! આ બળદના વખાણ કરે છે તો બળદ કેવો બળિયો છે તે ચકાસી લેવું જોઈએ. આપણે એમ કરીએ કે ગાડામાં હું બેસું ને ગાડું જો બળદ ખેંચે તો માનવું કે બળદ ઘણો જોરાવર છે.''

રામદીન કણબીએ બળદને ગાડે જોડ્યો ને ઘનશ્યામને ગાડામાં બેસવા કહ્યું. ઘનશ્યામ પ્રભુ ગાડામાં બેસી ગયા. રામદીને ડચકારો બોલાવી બળદને ચાલવાનું કહ્યું. બળદ ચાલવા માટે જોર કરવા લાગ્યો. પણ બળદગાડું એક તસુભાર ત્યાંથી ખસ્યું નહીં. બળદનું પૂછડું આંબળ્યું, પરોણી મારી. બળદે ચાલવા માટે ખૂબ જોર કર્યું પણ કેમેય કરીને બળદથી ચાલી શકાયું નહીં. અંતે બળદ હાંફી ગયો. પછી ઘનશ્યામ ગાડા નીચે ઊતર્યા તો તરત બળદ ગાડું લઈને ચાલવા લાગ્યો.

રામદીને બળદના વાંસે હાથ ફેરવ્યો, પીઠ થાબડી. પછી વળી કહ્યું, ''ઘનશ્યામ ! હવે તમે બેસો. બળદ જરૂર ગાડું ખેંચી જશે.'' ઘનશ્યામ પ્રભુ હસવા લાગ્યા. તેમને થયું હજુ આ અમને ઓળખી શક્યો નથી.

ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''હવે હું નહિ, પણ મારી આ હલકી ફૂલ જેવી ટોપી ગાડામાં મૂકું છું. તેને લઈને બળદને ચલાવો.'' રામદીને ફરીથી બળદને ચાલવાનું કહ્યું. પણ બળદ ચાલે શાનો ? ઘનશ્યામ પ્રભુની મરજી જ નહોતી પછી બળદ શું ચાલી શકવાનો ? બળદના રખવાળે જે ગર્વથી કહ્યું હતું તેમજ બળનું પ્રધાનપણું જણાવ્યું હતું તે ઘનશ્યામ પ્રભુ શી રીતે ચલાવી લે. હંમેશાં કર્તાપણું, બળ પ્રભુનું જ હોવું જોઈએ.

એ શીખવવા જ ઘનશ્યામ પ્રભુએ આ ચરિત્ર કર્યું હતું. ઘનશ્યામ પ્રભુની ટોપીને લઈને પણ બળદ ગાડું ખેંચી શક્યો નહીં. ત્યારે રામદીનના ભાઈ માતાદીન હતા તે ઘનશ્યામ પ્રભુના ચરિત્રને ઓળખી ગયા. તેમણે કહ્યું, ''આ ટોપીનો ભાર નથી. પણ ટોપીમાં ભાર મૂકનાર આ ઘનશ્યામ છે. તે કોઈ સામાન્ય બાળક નથી પણ કોઈ સર્વોપરી ભગવાન જણાય છે. એ સિવાય આવું ચરિત્ર શક્ય નથી. એમની સામર્થી તો જુઓ... જડ પદાર્થો પણ એમની મરજીમાં વર્તે છે. આવું અસાધારણ લક્ષણ એમનામાં છે. એવું લક્ષણ તો સર્વોપરી ભગવાનનું જ હોઈ શકે !'' એવું કહી બંને ભાઈઓ ઘનશ્યામ પ્રભુ પ્રત્યે અહોભાવ વ્યક્ત

કરવા લાગ્યા. ને એકમાત્ર બળ, કર્તાપણું પ્રભુનું જ હંમેશાં રાખવું એવી શીખ લીધી.

વાહ ! મહારાજ વાહ !

"તારી ઇચ્છા વિના તો કાંઈ થાય નહિ, વિના મરજીથી તૃણ તોડાય નહીં."

## કૂવામાં ધુબાકા

વૈશાખ મહિનાની પૂનમના દિવસે ઘનશ્યામ પ્રભુ તેમજ તેમના બાળમિત્રો દંદુ ત્રવાડીના ખેતરમાં બહિરી નામનો કૂવો હતો ત્યાં નાહવા માટે ગયા. કૂવામાં પાણી ઘણું હતું. બાળમિત્ર વેણીરામે કહ્યું, ''ઘનશ્યામ પ્રભુ ! કૂવામાં તો પાણી ઘણું જણાય છે. તેમાં શી રીતે નાહવા પડાશે ?'' તે જ વખતે ઢેબરીયા ગામના મહાવીર સુથાર ત્યાંથી પસાર થયા. કૂવો જાણી ત્યાં પાણી પીવા આવ્યા. તેમણે દોરી-લોટા વડે પાણી કાઢી ગાળીને પીધું. તેમણે બાળકોને રમવા આવેલા જોઈ સલાહ આપી કે, ''કોઈ કૂવામાં નાહવા પડશો નહીં. કેમ કે કૂવામાં પાણી ઘણું ઊંડું છે. પડશો તો ડૂબી જવાશે.''

ઘનશ્યામ પ્રભુએ આ સાંભળ્યું. તેમણે તો તેમને દેખતાં જ કૂવામાં ધુબાકો માર્યો. પણ આ શું ? ઘનશ્યામ પ્રભુની કેડ્ય સુધી જ પાણી પહોંચ્યું. ઘનશ્યામ પ્રભુ કૂવામાંથી બહાર નીકળી ઉપરથી ધુબાકા મારે પણ તેમનો કેડ્ય સુધીનો જ ભાગ પાણીમાં ડૂબે, બાકીનો ભાગ ડૂબે નહીં. એવું અદ્‌ભુત ચરિત્ર કર્યું. બીજા બાળમિત્રો કૂવામાં નાહવા પડે એટલે તેઓ તો આખા ડૂબી જાય ને છેક ઊંડે સુધી કૂવામાં જતા રહે તે ઘણી વારે બહાર આવે.

સુથારે પૂછ્યું, ''તમે બધા તો પાણી સોંસરા ચાલ્યા જાવ છો ને ઘનશ્યામ ઊંચેથી ધુબાકા મારે છે છતાં કેડ્ય સુધી જ પાણી પહોંચે છે. તેનું શું કારણ ?'' ત્યારે વેણીરામ બોલ્યા ''એ ઘનશ્યામ પ્રભુની વાત જુદી છે. એ ભલે અમારા જેવા બાળક જણાય પણ એ એવા નથી. સાક્ષાત્ પ્રભુ વિના કોઈ આવું ઐશ્વર્ય જણાવી શકે ? માટે એ સાક્ષાત્ ભગવાન છે. તેઓ કેડ્ય સુધી પાણી ચડવા દે છે. ચાહે તો તેટલું પણ ન ચડવા દે. એવાં અનેક સામર્થ્ય એમનામાં રહેલાં છે.''

તે મહાવીર સુથાર પણ ઘનશ્યામ પ્રભુને વિષે ભગવાનપણાનો નિશ્ચય

કરી, તેમને વંદન કરી જતા જતા વિચારવા લાગ્યા કે, ઘનશ્યામ કોઈ બાળક નથી પણ ભગવાન છે. એ વાત સાચી, પણ એ માત્ર ભગવાન જ નથી, સર્વોપરી ભગવાન છે. એમના ચરિત્રની આશ્ચર્યકારી લીલા તો જુઓ કેટલી બધી છે !!

## વચનમાં વિશ્વાસ

નરેચા ગામના રાજા સન્માનસિંહજીના દરબારમાં વિવાહનો પ્રસંગ હતો. રાજાના પરિવારજનોમાં તથા ગ્રામજનોમાં ખૂબ ઉમંગ ને ઉત્સાહ હતો. રાજાએ ગામના કલ્યાણસર તળાવના કાંઠા પર દારૂખાનાની આતશબાજીનો કાર્યક્રમ રાખ્યો હતો. રાજા તથા તેમનો પરિવાર, કારભારીઓ વગેરે રસાલા સાથે તળાવના કાંઠે આવી ગયા. દારૂખાનું ફોડવાનું જોવા માટે ગામલોકો પણ ઊમટ્યા હતા. ઘનશ્યામ પ્રભુને આ વાતની ખબર હતી. તેથી તેઓ મિત્રો સંગાથે તળાવના કાંઠે પહોંચી ગયા હતા.

થોડી વારમાં બંદૂકોમાં દારૂ ખાંચી ખાંચીને ભરી બંદૂકો ફોડવામાં આવતી ને તેના મોટા ભડાકા થતા હતા. તે જોઈ-સાંભળી લોકો આનંદથી ચિચિયારીઓ કરતા... એ વખતે એક બંદૂકમાંથી ભડાકો થવાને બદલે તે ફાટી. તેથી ત્યાં જ ધડાકો થયો ને બે માણસોને ઘણું વાગ્યું. થોડી વારમાં તેમનું મૃત્યુ પણ થયું. લોકોમાં નાસભાગ થઈ ગઈ. રાજા સન્માનસિંહના રંગમાં ભંગ પડ્યો હતો. વિવાહના માંગલિક પ્રસંગમાં બે માણસોનાં મૃત્યુ થયાં, તે વિઘ્નરૂપ થયું. રાજા સન્માનસિંહ ખૂબ દિલગીર થયા. પણ તેઓ આમાં કશું કરી શકે તેમ હતા નહીં !!

રાજાને ખબર પડી કે, ઘનશ્યામ પ્રભુ અહીં આવ્યા છે ને અત્યારે હાજર જ છે. રાજા સન્માનસિંહ ઘનશ્યામ પ્રભુની સામર્થીથી ખૂબ પરિચિત હતા. તેઓ ઘનશ્યામ પ્રભુના શરણે આવ્યા. રાજાએ પોતાનું પદ-ગૌરવ વગેરે મૂકી ઘનશ્યામ પ્રભુ પાસે પ્રાર્થના-વિનંતી કરી, "હે ઘનશ્યામ પ્રભુ ! બે મનુષ્ય અજાણતાંથી મૃત્યુને પામ્યા છે. તે મારા માંગલિક પ્રસંગમાં અમંગળિક કાર્ય થયું ગણાય. તો હવે હું શું કરું ? આ તો વિવાહમાં મોટું વિઘ્ન આવ્યું ગણાય. માટે આપ સમર્થમૂર્તિ છો, ધારો તે કરી શકો છો. આપ અમારી રક્ષા કરો... તમને બધું સોંપ્યું છે."

રાજાના નિર્માનીપણું દર્શાવતાં વચન અને પોતાનું બધું ઘનશ્યામ પ્રભુને સોંપ્યું તેથી ઘનશ્યામ પ્રભુ તેમની પર રાજી થયા. પોતે દયાળુમૂર્તિ તો હતા જ !

એટલે રાજાનું દુઃખ તથા રાજાના ઘરે વિવાહમાં આવેલું વિઘ્ન જોઈ તેઓ પણ દિલગીર થઈ ગયા. રાજાની પ્રાર્થના એમણે સાંભળી લીધી ને પછી બોલ્યા, "હે રાજન ! કોઈ મનુષ્ય એકદમ મરે નહીં. માટે આ બંનેને તળાવના પાણીમાં લઈ જઈને સુવડાવો. જરૂર એમને સારું થઈ જશે." ઘનશ્યામ પ્રભુના મુખમાંથી આશીર્વાદ સરી પડ્યા હતા.

રાજાને તેમના વચનમાં વિશ્વાસ હતો. તુરત જ તેમણે મૃત્યુ પામેલા બંને મનુષ્યને ઊંચકાવી તળાવના પાણીમાં સુવડાવ્યા. એ જ વખતે ઘનશ્યામ પ્રભુ ત્યાં પધાર્યા. તળાવના પાણી પાસે જઈ એક પથ્થર પર ઊભા રહી બંને મનુષ્યનાં નામ લઈને બોલાવ્યા કે, "હે ગદાધર ! હે પૃથ્વીપાલ ! તમે આમ પાણીમાં કેમ પડ્યા રહ્યા છો...? બહાર આવો." એમ કહ્યું ત્યાં તરત જ તે બંને પાણીમાંથી ઊભા થયા ને દોડીને બહાર આવ્યા ને ઘનશ્યામ પ્રભુના ચરણમાં પડ્યા.

આ જોઈ રાજા સન્માનસિંહ તથા તેમના પરિવારમાં હર્ષનું મોજું ફરી વળ્યું. બધા આનંદમાં આવી ગયા. તેમનું અશક્ય કામ શક્ય થયું હતું. એમના માંગલિક પ્રસંગનું વિઘ્ન ઘનશ્યામ પ્રભુએ ક્ષણમાં દૂર કર્યું હતું. ઘનશ્યામ પ્રભુનો આશરો કર્યો હોય, તેમને બધું સોંપ્યું હોય તેના પ્રસંગમાં કોણ વિઘ્ન નાખી શકે ? વિઘ્ન આવનાર હોય તોય નાસી જાય !

રાજા સન્માનસિંહ ઘનશ્યામ પ્રભુને પોતાના આવાસમાં લઈ ગયા. પાટ પર બિરાજમાન કરી રાજા તથા રાણીએ પૂજા કરી ને હેતે કરીને દૂધ-પૌંઆ જમાડ્યા. પછી સઘળો પરિવાર પગે લાગ્યો ને રાજાએ કહ્યું, "હે ઘનશ્યામ બાબુ ! આપ ઈશ્વરના ઈશ્વર છો એટલું જ નહિ, દયાળુમૂર્તિ પણ છો. આવેલ વિઘ્ન નિવારી બે મનુષ્યોની રક્ષા કરીને તમે અમારી ખૂબ આબરૂ જાળવી. તમે કાયમ આ લોક ને પરલોકમાં અમ સૌની રક્ષા કરજો." ઘનશ્યામ પ્રભુ તેમનો દિવ્યભાવ તથા પ્રેમ જોઈ રાજી થયા.

## મૂર્તિનું સુખ અતિશય

આજે એકાદશીનો દિવસ છે. ઘનશ્યામ પ્રભુ તેમના મિત્રોને લઈને રામઘાટે નદીમાં સ્નાન કરવા ને જળક્રીડા કરવા આવ્યા. નદીના ધરામાં સહુ નાહવા પડ્યા. અરસપરસ ડૂબકીદાવ રમી રહ્યા હતા.

ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "મિત્રો ! કોણ સૌથી વધુ પાણીમાં ડૂબકી લગાવી વધુ

સમય સુધી પાણીમાં રહી શકે છે તે જોઈએ...!" મિત્રોએ હા કહી. ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "હું તાળી પાડીશ. કોણ કેટલી તાળીએ બહાર નીકળે છે તે જોઈશું ?"

બધા મિત્રોએ પાણીમાં ડૂબકી લગાવી દીધી. ઘનશ્યામ પ્રભુ તો કાંઈ થોડા સામાન્ય બાળક હતા ! તેમની ક્રિયા થોડી લૌકિક મનુષ્યના જેવી ક્રિયા હોય. તેમની ક્રિયામાં, રમતમાં પણ કંઈક અલૌકિક હેતુ રહેલો જ હોય.

વેણીરામ, રઘુનંદન, ભવજાદીન, ગૌરીદત્ત, માધવચરણ, બંસીધર વગેરે બધા મિત્રો વારાફરતી પાણીમાંથી બહાર આવ્યા. ઘનશ્યામ પ્રભુએ સહુને પૂછ્યું, "તમે ડૂબકી લગાવી ત્યાં કાંઈ જોયું...?"

વેણીરામે કહ્યું, "હા. અમે જેવી ડૂબકી મારી ત્યાં તો પહેલાં અન્ય ધામ દેખાયા અને અંતે અક્ષરધામનાં પણ દર્શન થયાં.

એટલું જ નહિ, દરેક ધામમાં અમે જોયું તો તે તે ધામના અધિપતિઓ આપને સર્વોપરી, સર્વ અવતારના અવતારી, અક્ષરાતીત પુરુષોત્તમ જાણી, પૂજન-ચંદન-અર્ચન, તમારી પૂજા કરતા હતા. પરંતુ ઘનશ્યામ પ્રભુ ! બીજા ધામ કરતાં અમને અક્ષરધામનું સુખ અધિક લાગ્યું. અને અમારું મન પણ બીજા ધામે સ્થિર ન થયું પણ અક્ષરધામમાં સ્થિર થયું હતું. ઘનશ્યામ પ્રભુ ! તમે તાળી પાડી એટલે તરત પાણીની બહાર નીકળી જવાયું."

ત્યારે ઘનશ્યામ પ્રભુ સ્વગત બોલ્યા, 'તમે હજુ અક્ષરધામ સુધી જ પહોંચ્યા. પણ અક્ષરધામ જે તેજનો સમૂહ તેનું કારણ અમારી મૂર્તિ છે. તે મૂર્તિનું સુખ અતિશે અધિક છે. તેજના સમૂહને દેખીને પણ કષ્ટ પામવું જોઈએ (લો.૧૪). તમે જ્યારે અમારા મૂર્તિસુખ સુધી પહોંચો ત્યારે જ સુખનું પૂર્ણપણું અનુભવાય ને ત્યારે જ પૂર્ણ સ્થિતિને પમાય ને ત્યારે જ અમારો સંપૂર્ણ રાજીપો થયો ગણાય.'

ઘનશ્યામ પ્રભુ પોતાની સામાન્ય ક્રિયામાં તેમજ નાના બાળમિત્રોને પણ શાસ્ત્રના જ્ઞાનથી નહિ, તો આવી રીતે ગમ્મત કરતા કરતા પણ પોતાના સર્વોપરીપણાનો નિશ્ચય કરાવતા ને અનુભવ પણ કરાવતા.

## ફણસની ચોરી

ધર્મપિતાના ઘર આગળ ફૂલવાડીમાં એક મોટું ફણસનું વૃક્ષ હતું. તેના પર ઘણાં ફણસ આવતાં. 'ફણસ પાકી જાય પછી ઝાડ પરથી ઉતારી ઘરે લાવીશું ને ઘનશ્યામ પ્રભુને જમાડીશું.' એવું ધર્મદેવ તથા રામપ્રતાપભાઈએ વિચારેલું.

રાત્રિના સમયને વિષે બે ચોર ફણસની ચોરી કરવા ફૂલવાડીમાં પ્રવેશ્યા. બધા રાત્રે સૂઈ ગયા હતા. ચોર લોકો ફણસના ઝાડ પર ચઢી ગયા. ફણસ તોડવા માટે ફણસ પકડ્યું. પણ આ શું ? બંને ચોરોના હાથ ફણસ સાથે ચોંટી ગયા. હાથ ઉખાડવા ખૂબ ફાંફાં માર્યા. ખૂબ મહેનત કરી, ખૂબ ધમપછાડા કર્યા પણ હાથ ચોંટી રહ્યા તે ચોંટી જ રહ્યા. ઊખડ્યા જ નહીં. એમ કરતાં સવાર પડી ગઈ.

ધર્મપિતા વહેલી સવારે હાથમાં પાણીનો લોટો લઈ દાતણ કરવા ત્યાં આવ્યા. તેમની દૃષ્ટિ ફણસ પર હાથ ચોંટેલા ચોરો પર પડી.

ચોર તો ધર્મદેવ સામું શરમના માર્યા જોઈ પણ ન શક્યા. તેઓ ધ્રૂજવા લાગ્યા. ધર્મદેવને કહ્યું, "અમે રાત્રે ફણસ ચોરવા આવ્યા હતા. ફણસ તો તોડી ન શક્યા પણ અમારા હાથ તેની સાથે ચોંટી ગયા છે. માટે આપ અમારા હાથ છૂટે એવી દયા કરો."

થોડી વારમાં રામપ્રતાપભાઈ તથા ઘનશ્યામ પ્રભુ પણ આવી પહોંચ્યા. રામપ્રતાપભાઈને જોઈને ચોર ગભરાઈ ગયા. તેમને થયું કે હવે આપણું આવી બનશે.

રામપ્રતાપભાઈએ ચોરને ઝાડ પર જોયા એટલે ગુસ્સે થઈ લાકડી લઈ મારવા દોડ્યા. ઘનશ્યામ પ્રભુએ તેમને અટકાવી દીધા.

ચોર સમજી ગયા કે 'ઘનશ્યામ પ્રભુના ફણસની ચોરી એ તો ભગવાનના ઘરે ચોરી કરી કહેવાય. ભગવાનને ઘેર થયેલી ચોરીને ભગવાન કેમ ચલાવી લે ? ને તેથી જ તેની શિક્ષા રૂપે આપણા હાથ ફણસ પર ચોંટી ગયા છે.'

બંને ચોરે ધર્મપિતા, રામપ્રતાપભાઈ તથા ઘનશ્યામ પ્રભુને કાકલૂદી કરી, "હવે ફરીથી ક્યારેય ક્યાંય પણ અમે કોઈ વસ્તુની ચોરી કરીશું નહીં." એવું વચન આપ્યું ને ખૂબ કગર્યા. એટલે દયાળુ ઘનશ્યામ પ્રભુને દયા ઊપજી. તેમણે બંને ચોરને 'ચોરી કરવી તે મહામોટું પાપ છે. ચોરી કદી છાની નથી રહેતી.' એવી શીખ આપી માફ કર્યા. એટલે તુરંત તેમના હાથ ફણસથી ઊખડી ગયા. બંને ચોરે નીચે ઊતરી ધર્મદેવ, રામપ્રતાપભાઈ તથા ઘનશ્યામ પ્રભુને પગે લાગી માફી માંગી.

ઘનશ્યામ પ્રભુએ પણ બંનેને એક એક પાકું ફણસ આપી, આશીર્વાદ આપી જતા કર્યા. માટે ક્યારેય નાની-મોટી ચોરી ન કરવી. મહારાજ પ્રગટ અને પ્રત્યક્ષ છે. બધું જુએ છે એવો પ્રગટભાવ ખૂબ દૃઢ કરવો.

# ડાંગરને જાળવી

ભેટિયા ગામના તળાવની ચારે બાજુ ફરતે મોતી ત્રવાડીએ કમોદ રોપાવી હતી. એ વર્ષે વરસાદ ખૂબ વરસ્યો. તેથી ચારે બાજુ પાણી ભરાઈ ગયા ને સતત ચાર માસ સુધી વરસાદ વરસતો જ રહ્યો.

તળાવ પાણીથી ભરાઈ ગયું ને જે ડાંગર રોપેલી હતી તેના ઉપરેય પાણી ફરી વળ્યું. ચાર મહિના સુધી પાણી ઓસર્યું નહિ પણ સતત ભરાઈ રહ્યું. તે જોઈ મોતી ત્રવાડી નિરાશ થઈ ગયા કે, 'હવે ડાંગર ઊગશે નહીં. ડાંગરનો પાક નિષ્ફળ જશે.'

મોતી ત્રવાડીએ છપૈયા જઈ ધર્મદેવને વાત કરી કે, "આ વર્ષે ડાંગર થશે નહીં. કેમ કે છલોછલ પાણીમાં ડાંગર ડૂબેલી છે. તે નક્કી સડી જશે ને ઉગશે નહીં." ધર્મદેવે મોતી ત્રવાડીને ચિંતામગ્ન જોયા એટલે કહ્યું, "ચાલો, આપણે તળાવ પર જઈ ડાંગરને જોઈ આવીએ."

મોતી ત્રવાડી, ધર્મદેવ ને ઘનશ્યામ પ્રભુ ભેટિયા ગામે આવ્યા. ધર્મદેવે ડાંગર રોપેલી તે તળાવ પર લઈ જવા કહ્યું. ત્રણેય ડાંગર વાવી હતી તે સ્થળ પર તળાવની પાસે આવ્યા. ધર્મદેવે જોયું તો ચારે બાજુ પાણી પાણી જ ભરાયેલું હતું. આટલું બધું પાણી જોઈ ધર્મદેવ બોલ્યા, "મોતી ત્રવાડી ! તમારી વાત સાચી છે. આટલા બધા પાણીમાં ડાંગર ઊગશે એવી આશા રખાય નહીં." એમ કહી ધર્મદેવ પણ ચિંતિત થયા.

સૌના તારણહાર ને લાડકવાયા ઘનશ્યામ પ્રભુ એમની સાથે જ હતા. તેઓ બોલ્યા, "મોતીમામા કદાપિ આમાંથી ડાંગર થાય તો અમોને કેટલી આપશો ?" મોતી ત્રવાડીએ કહ્યું, "ઘનશ્યામ પ્રભુ ! આ ડાંગર બધી તમારી જ છે ને...!!! તમારે જેટલી જોઈએ એટલી તમે લઈ જજો." ફરી ચિંતા કરતાં બોલ્યા, "ઘનશ્યામ પ્રભુ ! આટલા બધા પાણીમાં ડાંગર જરૂર સડી જાય માટે ડાંગર થવાની કોઈ આશા મને દેખાતી નથી."

ઘનશ્યામ પ્રભુને ડાંગર આપવાની કહી ને વળી જેટલી જોઈએ તેટલી આપવાની કહી પછી પ્રભુ રાજી જ થાય ને ! પ્રભુને અર્પણ કર્યું એટલે તેની ચિંતા તથા કાળજી એ કરે જ !

ઘનશ્યામ પ્રભુ મર્માળું હસતાં હસતાં બોલ્યા, "મામા ! ડાંગર પાણીમાં

કોઈ દિવસ સડે નહીં.'' મોતી ત્રવાડીએ કહ્યું, ''સતત પાણીમાં ને પાણીમાં રહે એટલે કોહવાઈ જાય... જો પાણી ઊતરે તો થોડીઘણી આશા રહે !

આ સાંભળી ઘનશ્યામ પ્રભુએ ભરાયેલ પાણીમાં પોતાના ચરણ બોળી જમણા ચરણનો અંગૂઠો પૃથ્વી પર દબાવ્યો એટલે તુરત પાતાળ સુધી જમીનમાં ઊભો ચીરો થઈ ગયો ને ઘડીકમાં સમગ્ર પાણી પાતાળમાં ઊતરી ગયું. તેનો મોટો અવાજ પણ થયો. તે સાંભળી કેટલાક ગામલોકો જોવા આવ્યા.

પાણીમાં રહેલા જીવજંતુ તેમજ માછલાંનું શું ? તેમને પણ ઘનશ્યામ પ્રભુએ સંકલ્પમાત્રથી ધામમાં મોકલી દીધાં. આવુ અદ્‌ભુત ચરિત્ર જોઈ સહુ નવાઈ પામી ગયા.

પછી થોડા દિવસોમાં જ એ જગ્યાની ડાંગર ખૂબ પાકી. મોતી ત્રવાડીએ ઘનશ્યામ પ્રભુને કહ્યું, ''આપના સંકલ્પથી, રાજીપાથી ડાંગર બચી ગઈ. આપે જ ડાંગરને જાળવી રાખી માટે આ બધી ડાંગર તમારી જ છે !! તમને અર્પણ !!'' ઘનશ્યામ પ્રભુ એમની સમર્પણભાવના જોઈ ખૂબ પ્રસન્ન થયા. ભેટિયા ગામના રઘુવીર, ગુલામસંગ, ગામ ક્રુષ્મીના દયારામ દુબે ને નરેચાના ગામધણી સન્માનસિંહ તથા આનંદ ત્રવાડી આવું અલૌકિક ચરિત્ર નિહાળી ઘનશ્યામ પ્રભુ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય દૃઢ કરતા થયા !!

આમ, જેને પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કર્યું તેની સર્વે પ્રકારે રક્ષા મહારાજ કરે જ.

## પીપળાના વૃક્ષ પરથી

ઘનશ્યામ પ્રભુ ઘણી વખત નાની બાલ્યાવસ્થામાં પણ ધીર-ગંભીરપણું દાખવતા. યજ્ઞોપવીત પ્રસંગ પછી ઘણી વાર તેઓ ઊંડા વિચારોમાં ખોવાઈ જતા. કોઈ મહામોટું મંથન કરતા હોય એમ વિચારોમાં ગરકાવ થઈ જતા.

એક દિવસ ઘનશ્યામ પ્રભુ બાળમિત્રો સંગાથે નારાયણ સરોવરના કિનારે રમતા હતા. ત્યાં એક મોટું ને ઊંચું પીપળાનું વૃક્ષ હતું. તેના પર ઘનશ્યામ પ્રભુ ચડી ગયા. પીપળાની ઊંચી ડાળી પર ચડી ચારેય દિશા તરફ જોવા લાગ્યા. જોતાં જોતાં એમની દૃષ્ટિ પશ્ચિમ દિશા તરફ ઠરી. અનિમેષ નજરે ઘણીક વાર સુધી એ તરફ જોઈ રહ્યા.

એ સમયે ઘનશ્યામ પ્રભુના મામા મોતી ત્રવાડી ત્યાંથી પસાર થયા. એમણે

ઘનશ્યામ પ્રભુને પીપળાની ઊંચી ડાળી પર બેઠેલા જોયા.

એમણે પૂછ્યું, "ઘનશ્યામ ! પીપળાના વૃક્ષ પર શું કામ બેઠા ? બીજા કોઈ ફળવાળા વૃક્ષ પર ચઢ્યા હોય તો સમજાત કે કશુંક ફળ જમવા સારુ ચઢ્યા હશે. પરંતુ પીપળાના વૃક્ષ પર તો શું ફળ મળે ? ને ત્યાં બેઠા બેઠા શાના વિચારમાં ખોવાયેલા છો ?"

ત્યારે ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "મામા ! અમે વૃક્ષનાં ફળ જમવા ઉપર ચઢ્યા નથી. કે નથી નાના છોકરાની જેમ રમત કરવા સારુ ચઢ્યા. અમારી ક્રિયા હેતુસભર હોય. તે હેતુને દેહધારી શું સમજી શકે ? મામા ! અમે તો આ છપૈયાના ઊંચા વૃક્ષ પર ચઢીને ચારેય દિશામાં જોઈએ છીએ કે મુમુક્ષુઓ કઈ દિશામાં છે.

પશ્ચિમ દિશામાં અનેક મુમુક્ષુઓ પ્રગટી ચૂક્યા છે. એને અમે અહીંથી નિહાળીએ છીએ ને વિચાર કરીએ છીએ કે..." એટલું કહી થોડું હસ્યા ને પછી વધુ કહેવું યોગ્ય ન લાગવાથી કશું બોલ્યા નહીં.

ઘણીક વાર તેઓ પીપળાનાં વૃક્ષ પર ચઢી પશ્ચિમ તરફ દૃષ્ટિ ઠેરવી વિચારોમાં ખોવાઈ જતા ત્યારે કોઈક પૂછે તો પોતાનો નિર્ણય ઘણી વાર માર્મિક ભાષામાં કહી પણ દેતા કે અહીંથી હજારો ગાઉ દૂર ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના લાખો મુમુક્ષુઓ મને પોકારી રહ્યા છે. મારે ત્યાં જવાનું છે. અનેક લીલાઓ કરી સુખ દેવાનું છે. તેઓ મારા દર્શનને તલસી રહ્યા છે. ને હું પણ એમને તલસું છું." એમ સાચે સાચું કહી પણ દેતા.

ત્યારે કોઈને સ્વપ્નેય ખ્યાલ નહોતો આવતો કે ખરેખર ઘનશ્યામ પ્રભુ જે હેતુ માટે પ્રગટ્યા છે તે હેતુ સિદ્ધ કરવા સહુને છોડીને જતા રહેશે.

## કામી કાયસ્થ

ઘનશ્યામ પ્રભુ આવી રીતે પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે તલસતા હતા. એમાં પણ એમના વિચારને વેગ મળે એવો પ્રસંગ બન્યો.

અયોધ્યામાં તેઓ બરહટ્ટા શાખાનગરમાં નિવાસ કરતા હતા. તેમની બાલ્યાવસ્થા જરૂર હતી. છતાં હવે તેઓ વિચારોમાં ખોવાયેલા રહેતા. તેઓ એકાંતપ્રિય હતા તેથી બપોરના સમયે તેમના નિવાસસ્થાનેથી થોડેક દૂર ઉદયરાજ તિવારીના ઘરના આંગણે ભટ્ટેશ્વર મહાદેવનું મંદિર હતું ત્યાં એકાંત સારું મળતું. ઘનશ્યામ પ્રભુ બપોરના સમયે ત્યાં શયન કરવા જતા.

એક દિવસ દેવીબક્ષ નામનો કાયસ્થ કે જે શિવજીનો ઉપાસક હતો તે દર્શન કરવા આવ્યો. શિવજી સમક્ષ ગાલ વજાડી સ્તુતિ કરીને માંગ્યું કે "હે શિવજી ! તમે હવેથી દયા કરીને કોઈ દિવસ મને મનુષ્યનો અવતાર દેશો નહિ કેમ કે આ દેહે કરીને ત્રાંબું ખાઈ ખાઈને મરી ગયો તોપણ બરાબર યથાર્થ વિષયસુખ લોકલાજે કરીને ભોગવાતું નથી. તમો પ્રસન્ન થઈને મને જન્મોજન્મ લંબકર્ણનો અવતાર આપજો જેથી કરીને કોઈની મર્યાદા રાખ્યા સિવાય નિર્લજ થઈ સારી પેઠે વિષયસુખને ભોગવી શકું."

"હવે કોઈ દિન ભગવન, નવ દેશો મનુષ્યનું તન,
તમારી જો પ્રસન્નતા હોય, હું માગું છું મુને આપો સોય.
દેજ્યો ગદર્ભનો હવે દેહ, થાય પૂર્ણ મનોરથ એહ,
તજી લાજ મરજાદની રીત, વિષય ભોગવું ધરી પ્રીત."[૪]

આવું શિવજી સમક્ષ ગાઈ-વજાડીને માંગી પછી ઘરે જઈ ભોજન કરતો. આવા વિષયને વિષે લુબ્ધ વિષયાસક્ત ને વિકારી બુદ્ધિવાળા કાયસ્થને જોઈને ઘનશ્યામ પ્રભુ દ્રવી ઊઠ્યા. 'અરરર... જીવો આટલા બધા વિષયસુખમાં ચકચૂર છે. શું થશે આવા જીવોનું ? આવા વિષયાસક્ત જીવો તો જગતમાં ઘણા હશે. આવા લંપટ જીવોને મારે નિર્વાસનિક કરવા છે.

મારા સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી, ઉપદેશ કરી વિષયમાંથી નિવૃત્ત કરવા છે. તે કાર્યમાં હવે વિલંબ નથી કરવો. જલદી જલદી એ કાર્ય મારે કરવું.' એવા વિચારથી ઉદાસ થકા ઘરે પધાર્યા.

## અંતર્યામીપણું

ફૂલબાગમાં જઈ ઘનશ્યામ પ્રભુ પરવળ વીણતા હતા. તેમણે ઘણાંક પરવળ વીણ્યાં એ જોઈ સખા સુખનંદન ત્યાં આવીને કહેવા લાગ્યા, "હે ઘનશ્યામ પ્રભુ, નારાયણ સરોવરના કિનારે વડના વૃક્ષ નીચે બધા જ મિત્રો ભેગા થયા છે. તો તમે ત્યાં રમવા જલદી ચાલો. તમે કેમ આ પરવળ વીણો છો ?"

ઘનશ્યામ પ્રભુ બોલ્યા, "સુખનંદન ! અમારા ઘેર મહેમાન આવી રહ્યા છે. તેમને માટે આ પરવળ વીણું છું. સુવાસિનીભાભી એકલાં ક્યાં બધે પહોંચી વળવાનાં ? તેમને થોડી મદદ કરવી જોઈએ ને ? એમને તો ખબરેય નથી કે

---

૪. શ્રીઘનશ્યામલીલામૃત સાગર : તરંગ-૧૦૦

મહેમાન આવી રહ્યા છે.'' ''તો પછી તમને કેમ ખબર પડી ? તમને કોણે ખબર આપી કે મહેમાન આવી રહ્યા છે ?'' એમ સુખનંદને પૂછ્યું.

ત્યારે ઘનશ્યામ પ્રભુએ હસીને કહ્યું, ''અમને કોઈએ ખબર કરવાની ન હોય. અમારાથી અનંતકોટિ બ્રહ્માંડમાં કશું અજાણ્યું નથી.'' સુખનંદન તેમની વાત સમજી શક્યા નહીં. એ તો ઘનશ્યામ પ્રભુને જલદી પરવળ ઘેર આપી આવી, રમવા આવવાનું કહી દોટ મૂકી ચાલી નીકળ્યા.

ઘનશ્યામ પ્રભુએ પરવળ વીણી ઘરે આવી સુવાસિનીભાભીને આપ્યાં ને કહ્યું, ''ભાભી ! આનું આજે શાક બનાવજો.'' ઝાઝાં પરવળ જોઈ સુવાસિનીભાભીએ પૂછ્યું, ''ઘનશ્યામ પ્રભુ ! આટલાં બધાં પરવળ કેમ લાવ્યાં ? ધર્મપિતા તથા મોટા ભાઈ તો ઉતરોલ ગામે ગયા છે. તે અહીં જમનારું બીજું કોઈ તો છે નહીં. ને વળી આ બધાંનું શાક કરવાનું કહો છો તો વધારાનું શાક ફેંકી દેવાનું થશે.''

ઘનશ્યામ પ્રભુ બોલ્યા, ''ભાભી, તમારા જનકરામભાઈ, ચંદનમાસી તથા સુભદ્રાબેન એ ત્રણ મહેમાન આવી રહ્યાં છે. તેમને જમવા માટે પરવળ લાવ્યા છીએ. જો એ આવે ને તમારે ફરીથી એકલા હાથે તે રસોઈ બનાવવી પડે તો કેટલી મુશ્કેલ પડે ? એટલે કહું છું આ બધાં પરવળનું શાક બનાવો.''

સુવાસિનીભાભી 'ઘનશ્યામ પ્રભુ મારી મજાક કરે છે' એવું સમજ્યા તેથી છણકો કરતાં બોલ્યાં, ''ઘનશ્યામ પ્રભુ ! તમે પણ હવે જુઠ્ઠું બોલતાં ને મજાક કરતાં શીખ્યા લાગો છો ! આવું જુઠ્ઠું બોલી મને પજવવા તૈયાર થયા છો ! પણ હું તમને બરાબર ઓળખું છું હોં !''

ઘનશ્યામ પ્રભુ હસતા હસતા બોલ્યા, ''ભાભી, તમે અમારી વાત સાચી માનતાં નથી ને મજાક સમજો છો. પણ જોજો હમણાં તેઓ ત્રણેય આવશે ત્યારે તમે સાચું માનશો.'' આવી વાત કરી રહ્યા હતાં ત્યાં જ ત્રણેય મહેમાનોએ ઘરમાં પ્રવેશ કર્યો. એ જોઈ ઘનશ્યામ પ્રભુ બોલી ઊઠ્યા, ''ભાભી ! તમે મને જુઠ્ઠાં કહેતાં હતાં તે જુઓ આ કોણ આવ્યું છે ?'' આ જોઈ સુવાસિનીભાભી તો આભાં જ બની ગયાં.

તેમને ઘનશ્યામ પ્રભુની વાત મજાક સમજી તેનું દુઃખ થયું ને પછી બોલ્યા, ''ઘનશ્યામ પ્રભુ ! તમે તો અંતર્યામી છો. તમે નિશ્ચયે ભગવાન છો. પરંતુ અમે દેહભાવના યોગે તમારા દિવ્યભાવને ભૂલી જઈએ છીએ ને અમારા જેવા જ

સમજી બેસીએ છીએ. તમારે વિષે સદા દિવ્યભાવ વર્તે એવી કાયમ કૃપા કરજો.'' એમ પ્રાર્થના કરી.

ઘનશ્યામ પ્રભુને પોતાના પ્રત્યે કેટલી બધી લાગણી છે તેના વિચાર કરતાં જ સુવાસિનીભાભી લાગણીભીનાં થઈ ગયાં ને ઘનશ્યામ પ્રભુ પ્રત્યે ખૂબ દિવ્ય હેત ઊભરાયું.

## શીતલદાસને શાંત કર્યા

એક સમયે એક મંદિરના મહંત શીતલદાસજી ઠાકોરજીનું પ્રસાદીનું ચરણામૃત પાત્રમાંથી આચમની ભરી ભરીને આપતા હતા. ઘનશ્યામ પ્રભુ ત્યાંથી પસાર થયા. શીતલદાસે ઘનશ્યામ પ્રભુને જોયા એટલે ચરણામૃત લેવા બોલાવ્યા.

ઘનશ્યામ પ્રભુને ચરણામૃત લેવાની મુદ્દલ ઇચ્છા નહીં. પણ મહંત નારાજ ન થાય, તેમનું અપમાન ન લાગે તે સારુ હાથમાં ચરણામૃત લીધું પણ પીધું નહિ ને થોડે દૂર જઈ ઢોળી દીધું. ઠાકોરજીના ચરણામૃતને ઢોળતાં શીતલદાસ જોઈ ગયા.

તે એકદમ ગુસ્સે થઈ ગયા ને બોલવા લાગ્યા, ''ઘનશ્યામ ! તમે ઠાકોરજીના ચરણામૃતને ઢોળી કેમ નાખ્યું ? તમે ઠાકોરજીનું ચરણામૃત ન લઈ અપમાન કર્યું છે. તમને પ્રસાદીના જળની કોડી જેટલીય કિંમત નથી. સાવ ગમાર લાગો છો.''

ઘનશ્યામ પ્રભુએ શાંત ચિત્તે એકદમ ઠંડાગાર અવાજે ધીમેથી કહ્યું, ''શીતલદાસ, તમે પ્રસાદીના જળના મહાત્મ્યની વાતો કરો છો, પણ એ પ્રસાદીનું જળ કેવું ગંધાતું હતું તેની તમને ક્યાં ખબર છે ? એ જળ જે પાત્રમાં રહેલું છે તે પાત્ર કેટલા દિવસથી માંજ્યું નથી. તેમજ ચરણામૃત કેટલા દિવસનું વાસી છે અને તમે બધાને ચરણામૃત પિવડાવી રહ્યા છો તે અરગણ છે. એની પણ તમને ખબર છે ?''

શીતલદાસે કહ્યું, ''એવું બને જ નહિ, મારા ચેલાઓ નિત્ય બરાબર સેવા બજાવે છે.'' ઘનશ્યામ પ્રભુએ અંતર્યામીપણે ફરી કહ્યું, ''શીતલદાસ ! તમે અંદર જઈ ખાતરી તો કરો.''

શીતલદાસ ખાતરી કરવા ઊભા થયા ને અંદર જઈ પ્રસાદીના જળનું પાત્ર ઉઘાડ્યું તો અંદર તો વંદા આદિક અનેક જીવજંતુ મરેલાં પડ્યાં હતાં. આવું ગંધાતું પ્રસાદીનું જળ જોઈ શીતલદાસનો ગુસ્સો આસમાને પહોંચી ગયો. તેમણે ઘાંટો પાડી સેવકોને બોલાવ્યા ને ક્રોધ કરીને જેમતેમ બોલવા લાગ્યા. પછી

ચેલાને મારવા દોડ્યા.

ઘનશ્યામ પ્રભુએ તેમને વારતા કહ્યું, “શીતલદાસ ! તમે શીતલદાસ છો પહેલાં શાંત થાવ. ત્યાગીને આવો ક્રોધ-ગુસ્સો ન શોભે.” એમ કહી શીતલદાસને શાંત કર્યા.

શીતલદાસને પોતાની ભૂલ્યનો અહેસાસ થયો. તેમણે ઘનશ્યામ પ્રભુને કહ્યું, “તમે આ ભૂલ્ય ઓળખાવીને સારું કર્યું, નહિતર કેટલાયનું રૂડું થવાને બદલે અહિત થઈ જાત. તમે અંતર્યામીપણે જાણી મને ઉગારી લીધો. પ્રભુ ! તમે અંતર્યામી ખરા.” એમ ઘનશ્યામ પ્રભુનો ખૂબ ગુણ લીધો.

## સંસારીના ટુકડા પચાવવા મુશ્કેલ પડશે !

આજે નમતી બપોરે ઘનશ્યામ પ્રભુ અયોધ્યાની બજારે નીકળ્યા હતા. રસ્તામાં હનુમાન ગઢીના મંદિરે રૂપચોકી પર બે-ચાર વૈરાગીઓના નાના નાના ચેલાઓ લંગોટી વાળી માથામાં અત્તર-ધૂપેલ નાખીને બેઠા હતા. શરીરે સોનાના આભૂષણોનો ઠઠારો કર્યો હતો. તે ભારે રજોગુણી દીસતા હતા. વળી, તેઓ ભેગા મળી જૂગટું રમતા હતા. ભગવાનનું ભજન છોડી સાધુના ધર્મથી ચલિત થઈ વૈરાગીઓને વર્તન કરતા જોઈ ઘનશ્યામ પ્રભુથી ટકોર કર્યા વગર રહેવાયું નહીં. તેઓ ત્યાં ઘડીક ઊભા રહ્યા.

પછી તેમને જઈને કહેવા લાગ્યા, “હે સંતો ! તમે મહાપુરુષો કહેવાઓ... તમે સાધુપુરુષો છો. તમારો ધર્મ ત્યાગીનો છે, તમારી શોભા પ્રભુની ભજન-ભક્તિમાં છે. સદ્‌આચરણમાં છે. એને બદલે તમે વ્યર્થ કાળ નિર્ગમો છો અને આ જુગાર રમવું તે તો બહુ નિંદિત છે.

સાધુ થઈને રજોગુણી વેશ રાખવા, સોનાનાં આભૂષણ ધારવાં, અંગો ઉપર તેલ-અત્તર ચોપડવાં એ મહાદૂષણ રૂપ છે. તમારા વર્તનથી સંસારી શું બોધપાઠ લઈ શકશે ? સાધુએ ઘડીએ નવરુ ન પડવું જોઈએ. પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવા મળે એટલો સમય ભજન-ભક્તિ કરી દિવસ પસાર કરવો જોઈએ. નહિ તો સંસારીના મફતિયા ટુકડા જમવા ને પછી પચાવવા ઘણા મુશ્કેલ પડશે..!”

આ અણસમજુ ભેખધારીઓ ઘનશ્યામ પ્રભુની સામા થઈ કહેવા લાગ્યા, “આગળ જઈને કોણ જોઈ આવ્યું છે, અને આગળ શું થશે એની કોને ખબર છે ? જેની ખબર જ નથી એની નાહકની ચિંતા અત્યારથી શું કામ કરવી જોઈએ ?

અત્યારે તો આ દેહે જે ભોગવ્યું તે ખરું. પછી જે થવું હોય તે થશે. ક્યાં કોઈ ત્યાંથી પાછું આવીને કશું કહી ગયું છે ?'' આ કોલાહલ સાંભળી તે ત્યાગીના ગુરુઓ દોડી આવ્યા.

તેઓ ઘનશ્યામ પ્રભુ પ્રત્યે બોલવા લાગ્યા, ''તમે આ નાના સાધુઓ આગળ શું કહેવા બેઠા છો ? જે તમારે કહેવું હોય તે અંદર આવીને કહો.'' ઘનશ્યામ પ્રભુને ક્યાં કોઈનો ભય હતો ! તેઓ અંદર ગયા. થોડી વારમાં ઘણાક સાધુઓ, કેટલાક વિદ્વાનો પણ આવી પહોંચ્યા. ધર્મદેવ તથા રામપ્રતાપજી પણ ઘનશ્યામને શોધતાં ત્યાં આવી પહોંચ્યા. ઘડીકમાં મોટી સભા થઈ ગઈ.

મોહનદાસ સાધુ પણ સભા વચ્ચે બેઠા હતા ને ત્યાં ઘનશ્યામ પ્રભુએ સાધુના ધર્મ અંગે ચર્ચા છેડી. સભામાં તેની ખૂબ ચર્ચા થઈ. તે સાંભળી કેટલાક વૈરાગી બોલવા માંડ્યા, ''હે ઘનશ્યામ ! તમો સાધુપુરુષને શિખામણ કેમ આપો છો ? તમો તો ગૃહસ્થ છો. તમે ત્યાગીને શિખામણ આપવા યોગ્ય નથી.''

ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''ત્યાગી-ગૃહીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી એ જ મોટો છે, ને જેનામાં સમજણની દઢતા છે તે જ બીજાને ઉપદેશ આપી શકવા સમર્થ છે. માટે હે સંતો ! તમારી શોભા વધારવા તમારા ધર્મો મેં કહ્યા. જો તે પ્રમાણે નહિ વર્તાય તો ત્યાગીને મોટું લાંછન લાગે. વળી અંતે યમદૂતોનો માર ખાઈ નરક ચોર્યાસીમાં રખડવું પડે એવું દુઃખ આવશે. તેમ છતાં મારી વાત અયોગ્ય હોય તો સભામાં બેઠેલા આ પંડિતો-વિદ્વાનો ને શાસ્ત્રજ્ઞોને પૂછો.

ત્યારે સર્વે વિદ્વાનોનો મત પણ એ જ પડ્યો. તેઓએ ઘનશ્યામ પ્રભુની વાતની પુષ્ટિ કરીને કહ્યું, ''ઘનશ્યામ પ્રભુની વાત તદ્દન સાચી છે. એમની વાત જરાય જૂઠી નથી. સાધુમાં તો ક્ષમા, દયા, શાંતિ, નિર્લોભીપણું, નિર્માનીપણું, સંતોષ આદિક રૂડા ગુણ હોવા જોઈએ.'' સમગ્ર સભા નાનકડા બાળ ઘનશ્યામ પ્રભુની ધર્મ પ્રત્યેની સમજણ, તેના પ્રવર્તન અંગેની દઢતા, એમની ખુમારી તથા ઈશક જોઈ એમના પર વારી ગયા. એમનામાં સૌને પ્રભુનાં દર્શન થયાં ને વંદન કરવા લાગ્યા.

આપણા ઈષ્ટદેવ સાધુના ધર્મ પ્રત્યે કેટલા સજાગ હતા, કેટલા સ્પષ્ટ હતા તે એમની અવરભાવની બાલ્યાવસ્થામાંથી જ જણાવતા હતા. આપણે પણ એમના અભિપ્રાયોને જીવનલક્ષી બનાવવા.

# વિદ્વત્ સભા

એક વખત ચંદ્રગ્રહણનો દિવસ નજીક હતો. ધર્મદેવે વિચાર્યું કે ચંદ્રગ્રહણ નિમિત્તે કાશીએ જવું. ધર્મદેવે પોતાની સાથે ઘનશ્યામ પ્રભુ, ઈચ્છારામ, છપૈયાના મોતી ત્રવાડી, વશરામ ત્રવાડી ને રત્ન પાંડે આદિકને પણ લીધા ને કાશીએ પહોંચ્યા.

ધર્મદેવનો પોતાનો ગોર દેવદૂત કાશીમાં પથ્થર ગલીમાં રહેતો હતો. તે દેવદૂત ગોર ધર્મદેવને મળ્યો. તેણે બંગાળી વાડામાં એક મોટી ધર્મશાળા હતી તેમાં ધર્મદેવનો ઉતારો કરાવ્યો. ધર્મદેવે રાત્રિરોકાણ ત્યાં કર્યું. સવારે વહેલાં ઊઠી નિત્યક્રમ પતાવી દીધો.

સાંજે ચંદ્રગ્રહણ શરૂ થયું. સૌએ મણિકર્ણિકા ઘાટ પર પ્રભુનું ભજન કર્યું. ગ્રહણ મુકાયું એટલે સૌએ ગંગાનદીમાં સ્નાન કર્યું ને સંતોને દાન-દક્ષિણા આપ્યાં.

ધર્મદેવની વિદ્વાન તરીકેની તેમજ શાસ્ત્રના સારા જ્ઞાની તરીકેની ખ્યાતિ કાશીમાં ખૂબ જ હતી. ધર્મદેવની પાસે કાશીના ઘણા વિદ્વાનો આવતા, મળતા ને શાસ્ત્રસંબંધી વાતો કરતા.

એક દિવસ સહુ વિદ્વાનોએ ભેગા મળી, ધર્મદેવની સંમતિ લઈ નક્કી કર્યું કે આપણે અહીં વિદ્વાનો બોલાવી ધર્મસભા યોજવી ને તેમાં જુદા જુદા મતના વિદ્વાનોને બોલાવી એમના મતનું પ્રતિપાદન કરવું. સહુએ એને સાંભળી, તેની ચર્ચાવિચારણા કરવી. એ મુજબ ધર્મસભાનું આયોજન ગોઠવવામાં આવ્યું.

આ સભામાં જુદા જુદા મત-મતાંતરવાદીઓ, અદ્વૈતવાદીઓ, દ્વૈતવાદીઓ, દ્વૈતાદ્વૈતવાદીઓ એમ અનેક મતના પ્રખર પંડિતો આવ્યા હતા. સૌના મધ્યસ્થી તરીકે ધર્મદેવ હતા.

અદ્વૈતવાદીઓએ એક જ બ્રહ્મનું પ્રતિપાદન કર્યું. તેને વિષે વિદ્વત્તાભરી છણાવટ થઈ. દ્વૈતવાદી પંડિતોએ જીવ, માયા, બ્રહ્મ વગેરેની શાસ્ત્રોક્ત દલીલો કરી, પોતાના મતનું પ્રતિપાદન કર્યું.

સૌ પંડિતો ને વિદ્વાનો પ્રચુર માત્રામાં શાસ્ત્રનાં કથન પોતાની સમજણ મુજબ મૂલવી તેની રજૂઆત કરતા હતા. તેમ છતાં આ તર્કથી, દલીલોથી, પંડિતાઈથી, વિદ્વત્તાથી પ્રભુનાં સ્વરૂપનો નિર્ણય થઈ શક્યો નથી. બધા જ માત્ર પોતાની વિદ્વત્તાભરી દલીલોથી સંતોષ માનતા હતા. આ બધું જ સર્વાવતારી

એવા ઘનશ્યામ પ્રભુ ધર્મદેવની સમીપે બેસીને ચૂપચાપ સાંભળતા હતા.

ઘનશ્યામ પ્રભુને આ બધા વિદ્વાનો ઉપર દયા ઊપજી. તેથી તેમણે ધર્મદેવ સામું જોયું. તે કહેવા માંગતા હતા કે જો તમે અનુમતિ આપતા હોય તો હું પણ કંઈક કહું. ધર્મદેવે રાજી થકા તેમને કહેવું હોય તે કહેવાનું કહ્યું. ઘનશ્યામ પ્રભુ ઊભા થયા.

સૌ વિદ્વાનો વિચારવા લાગ્યા કે પ્રખર પંડિતો ને વિદ્વાનોની આપણી આ સભામાં નાનકડો બાળક શું કહેશે ? આવડી ઉંમરમાં આને શાસ્ત્રોની શું ગમ હશે ? આ વિદ્વાન પંડિતોને બિચારાઓને ક્યાં ખબર હતી કે અનંત શાસ્ત્રો ભેગાં કરો, તેનો સારમાં સાર નક્કી કરો તોપણ આ સર્વોપરી, સર્વાવતારી પ્રભુનો મહિમા, તેમના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેમ નથી. તે તો સ્વયં પોતે જ અનુગ્રહ કરે ત્યારે જ સર્વોપરી ભગવાનનું સ્વરૂપ સમજવામાં આવે છે, પ્રાપ્ત થાય છે. તેમના રાજીપાએ કરીને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય છે.

આજે આ વિદ્વત્ સભામાં સ્વયં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ પધાર્યા હતા. સભાજનો તો એમને એમના જેવા દેહધારી જ જાણતા હતા, દેખતા હતા. સર્વાવતારી ઘનશ્યામ પ્રભુએ વિચાર્યું કે, અનંત જન્મો સુધી, અનંતકાળ સુધી આવી ચર્ચાઓ કરવામાં આવે તોપણ તેનો કદી અંત નથી હોતો. તેનું કોઈ ફળ પણ હોતું નથી. ઉપરથી પોતાના દેહાભિમાનની, આવડતની પુષ્ટિ થતી હોય છે. માત્ર શાસ્ત્રના પુસ્તકિયા જ્ઞાનથી પ્રભુ લાખો ગાઉ છેટા રહે છે. તેથી ઘનશ્યામ પ્રભુએ સૌ સાથે બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપ બાબતે જ્ઞાનગોષ્ઠિ કરી સૌની પર કૃપાદૃષ્ટિ વેરતાં સૌને સમાધિ કરાવી અને સમાધિમાં પોતાના દિવ્ય સ્વરૂપનું ભાન કરાવ્યું. સૌને દિવ્યબુદ્ધિનો યોગ આપ્યો.

સૌ વિદ્વાનોને આ ઘનશ્યામ પ્રભુ જ સર્વ અવતારના અવતારી ને સર્વોપરી સ્વરૂપ છે તેવો ભાવ થયો. વળી, અનંત અવતારો આ સનાતન પુરુષોત્તમનારાયણના એક દેશને (કિરણને) વિષે ઉત્પન્ન થાય છે ને એક દેશને (કિરણને) વિષે લીન થાય છે. આ જ સનાતન પુરુષોત્તમનારાયણ પ્રભુ પોતે છે એવો નિશ્ચય કૃપાથી કરાવ્યો. વિદ્વાનો, પંડિતો આ ઘનશ્યામ પ્રભુનો આવો સર્વોપરી મહિમા જાણી અત્યંત આનંદિત થયા. જેને નિગમો પણ નેતિ નેતિ કહે છે, તેનો પાર પામી શકતા નથી તો તે નિગમોને ભણનારા તો ક્યાંથી પાર પામી શકે ? સૌએ પોતાનું પાંડિત્ય, વિદ્વત્તા કે ભણતરને મૂકી, પોતાના મતને મૂકી,

સર્વોપરી ઘનશ્યામ પ્રભુનું શરણું સ્વીકાર્યું.

ઘનશ્યામ પ્રભુએ અવરભાવની નાનકડી ઉંમરે સૌને પોતાના સર્વોપરીપણાનો નિશ્ચય કરાવ્યો. પોતે જે હેતુ માટે પ્રગટ્યા હતા તે હેતુને હવે સિદ્ધ કરવા તલપાપડ થયા હતા. આજે તક મળતાં જ ઘનશ્યામ પ્રભુએ તે વાતનું પ્રવર્તન શરૂ કરી દીધું હતું.

ગમે તેટલી વિદ્વત્તા હોય, પ્રચુર પંડિતાઈ હોય, તમામ શાસ્ત્રના શાસ્ત્રજ્ઞ હોય, મહાબુદ્ધિશાળી હોય, તીવ્ર તર્કશક્તિ હોય તેનાથી દેહધારી વ્યક્તિ જ પ્રભાવિત થતી હોય છે. એમનાથી પ્રગટ સર્વોપરી પ્રભુની પ્રાપ્તિ થાતી નથી. નથી કરાવી શકાતી... જ્યારે અનુભવી સત્પુરુષ ક્ષણમાં જીવને પ્રભુની પ્રાપ્તિ કરાવી જીવમાંથી મુક્ત કરી શકે છે. એટલે જ કહ્યું છે,

"જ્યાં ન પહોંચે અનંત કવિ (વિદ્વાન), ત્યાં પહોંચે એક અનુભવી..."

## પ્રભુને ક્રોધ ગમતો નથી

રામપ્રતાપભાઈનો સ્વભાવ થોડો ઉગ્ર. તેઓ નાની વાતમાં પણ ક્રોધ કરી બેસતા. એમને ઘનશ્યામ પ્રભુનો મહિમા ખૂબ... આમન્યા રાખે, તેમની કાળજી પણ સવિશેષ રાખે. પણ સ્વભાવ-પ્રકૃતિ ઘણી વાર દેખો દઈ જાય.

એક સમયે એક રૂમાલ બાબતે રામપ્રતાપભાઈ ઘનશ્યામ પ્રભુ સાથે તકરાર કરી બેઠા ને ઘનશ્યામ પ્રભુ પર ગુસ્સો ઠાલવ્યો. કોમળહૃદયી ઘનશ્યામ પ્રભુને આટલો ઉગ્ર ને ક્રોધી સ્વભાવ પસંદ નહીં. રામપ્રતાપભાઈને અવરભાવમાં મોટા જાણી મર્યાદા રાખતા... એમને કશું કહેતા નહિ, સામું બોલતા નહીં. આજે ઘનશ્યામ પ્રભુ એમનો ક્રોધી સ્વભાવ ભાળી ઘણા ઉદાસ થઈ ગયા. તેઓ છપૈયા છોડી કોઈને કહ્યા વિના અયોધ્યા તરફ ચાલી નીકળ્યા. એમણે અતિશે તીવ્ર વૈરાગ્ય જણાયો. વૈરાગી થઈ સંસાર છોડી દેવો એવો નિશ્ચય કરી ચાલી નીકળ્યા.

વેણીરામે ઘનશ્યામ પ્રભુને ઉદાસ થકા ચાલી નીકળેલા જોયા હતા. તેમણે આવીને ધર્મદેવને પૂછ્યું, "ઘનશ્યામ પ્રભુ કેમ ઘરેથી ઉદાસ થકા ને અતિશે વૈરાગ્ય યુક્ત સ્થિતિમાં ચાલી નીકળ્યા છે ? કોઈ એમને વઢ્યું છે ?"

ધર્મદેવે બધું જાણ્યું. પછી રામપ્રતાપભાઈને બોલાવી તેમને ઠપકો આપી વઢ્યા કે, "તમે મોટા થઈ સામાન્ય બાબતમાં ગુસ્સો કરી બેઠા. મૃદુહૃદયી ઘનશ્યામ ઉપર આટલું બધું ગુસ્સે થવાતું હશે ? જો એ નારાજ થઈ જશે તો એમને પાછા

વાળવા મુશ્કેલ પડશે. એ તમારા નાના ભાઈ જણાય છે, પરંતુ તેઓ ખૂબ મોટા છે. એ કોણ છે ? એ કેમ તમે ભૂલી જાવ છો ?'' રામપ્રતાપભાઈને પોતાની ભૂલ્ય ઓળખાણી. એમને ઘનશ્યામ પ્રભુનો મહિમા તો હતો જ પણ ક્રોધ પર કાબૂ રાખી ન શક્યા. તેથી ઘનશ્યામ પ્રભુને નારાજ કરી બેઠા.

ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ એમની પાછળ ગયા. સરયૂનો સામો કિનારો ઓળંગી ચૂક્યા હતા. ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ બંને એમની પાસે પહોંચ્યા. રામપ્રતાપભાઈ ઘનશ્યામ પ્રભુને વિનવવા - રાજી કરવા ખૂબ કરગરવા લાગ્યા. ઘનશ્યામ પ્રભુ એમના ક્રોધી સ્વભાવથી નારાજ હતા. તેઓએ તેમની પ્રાર્થના સાંભળી નહીં.

આખરે ધર્મદેવ ઘનશ્યામ પ્રભુ પ્રત્યે બોલ્યા, ''ઘનશ્યામ ! તમે ડાહ્યા ને વિવેકી છો, વળી દયાળુમૂર્તિ છો... આપ તો સહનશીલતાની મૂર્તિ છો... આપે નારાજ થવાનું ન હોય ! આપની નારાજગી અમને સહુને બહુ મોંઘી પડી જશે. માટે આપ રાજી થઈ અમારી સાથે ચાલો.'' એમ કહી ખૂબ દિલગીર થયા.

ઘનશ્યામ પ્રભુ પણ પીગળી ગયા. જાણે કશું જ બન્યું નથી તેમ સહુ સાથે હળીમળી છપૈયાપુર જવા ચાલી નીકળ્યા. પણ એટલું કહ્યું, ''દાદા ! આવો ક્રોધી સ્વભાવ અમને ગમતો નથી. ક્રોધી સ્વભાવવાળો દીઠો ન ગમે. માટે ફરીવાર આવો ગુસ્સો ન કરે તેવું રામપ્રતાપજીને કહેજો.''

આ સાંભળી રામપ્રતાપભાઈ નરમ પડી ગયા. પોતાનો રૂમાલ આપતાં કહ્યું, ''લ્યો, ઘનશ્યામ પ્રભુ, આ તમે રાખજો.'' ત્યાં ઘનશ્યામ પ્રભુ પણ રામપ્રતાપભાઈ પર હેત કરીને બોલ્યા, ''મોટા ભાઈ ! આ રૂમાલમાં તો કંઈ માલ નથી. પરંતુ તમારો ક્રોધી સ્વભાવ છે તેથી મારે આ કામ કરવું પડ્યું.'' એમ કહી હસીને એમનો રૂમાલ પરત આપી દીધો. ને રસ્તામાં હસતા - રમૂજ કરતા ઘરે પહોંચ્યા. ઘનશ્યામ પ્રભુની દયાળુતા, એમની ઉદારતા ને પહેલાંનું ઘડીકમાં ભૂલી જવું ને બધું માફ કરી દેવાના દિવ્ય ગુણ પર સૌ કોઈ વારી ગયા...

આપણે પણ વ્યવહારમાં આવું કરી શકીએ તો મહાપ્રભુ તે જોઈ કેટલા બધા રાજી થાય ?

## ભક્તિમાતાને દિવ્યગતિ

કેટલાક દિવસથી મુખ પર ઉદાસીનતાના ભાવ પ્રભુ જણાવતા. તે કોઈથી

અજાણ રહ્યું નહીં. ઘનશ્યામ પ્રભુ શા માટે ઉદાસ રહ્યા કરે છે તે કોઈને સમજાતું પણ નહોતું.

જીવોને માયાથી રહિત કરી, અણિશુદ્ધ કરી, દેહથી જુદો આત્મા છે તે આત્માને પુરુષોત્તમરૂપ પાત્ર કરવા ઘનશ્યામ પ્રભુ તલપાપડ થયા. તેને માટે છપૈયા, છપૈયાપુરના વાસીઓ, બાળમિત્રો, માતા-પિતા, ભાઈ-ભાભી વગેરેને છોડી પોતાનો માર્ગ તૈયાર કરવો એવું તેઓ વિચારી રહ્યા હતા. અને પોતાના પ્રયાણમાં પ્રગતિ થાય તેવા સંજોગો પણ પોતે જ ઊભા કરવા લાગ્યા.

ઘનશ્યામ પ્રભુની અગિયાર વર્ષની અવરભાવની ઉંમર થઈ હતી. એવામાં સંવત ૧૮૪૮, કારતક સુદ આઠમ ને ગુરુવારે રાત્રિના સમયે ભક્તિમાતાના શરીરે તાવ જણાયો. ભક્તિમાતાની અવસ્થાને કારણે શરીરમાં થોડી વધારે શિથિલતા જણાઈ. ઘનશ્યામ પ્રભુ તથા રામપ્રતાપભાઈ બંનેએ નક્કી કર્યું હતું કે, માતા-પિતા બંનેને અહીંથી છપૈયામાં લઈ જઈએ. ત્યાં સેવા-ચાકરી સવિશેષ થશે.

ભક્તિમાતા તથા ધર્મદેવ વગેરે સર્વ છપૈયાપુરને વિષે પધાર્યાં. સૌ સગાં-સ્નેહીજનો પણ ભક્તિમાતાના મંદવાડના સમાચાર જાણી દર્શન કરવા આવ્યા. ગ્રામજનોને પણ ખબર પડતી ગઈ તેમ સૌ તેમનાં દર્શને આવ્યાં. રોજ રોજ ભક્તિમાતાનું શરીર તાવથી વધારે કથળતું જતું હતું. ભક્તિમાતાને નક્કી થઈ ગયું કે હવે દેહ નહિ જ રહે... તેથી સૌથી વ્હાલા એવા ઘનશ્યામ પ્રભુને નજીક બોલાવ્યા, વ્હાલ કર્યું. ઘનશ્યામ પ્રભુ પણ દિવ્યભાવથી માતાની સેવા કરી રાજી કરતા હતા. તેથી તેઓ પણ માતા શું કહેવા માંગે છે તે જાણવા ઉત્સુક થયા.

ભક્તિમાતાએ કહ્યું, “રામપ્રતાપ તથા સુવાસિનીભાભીની આજ્ઞામાં રહેજો. સુવાસિનીભાભીને અમારે ઠેકાણે માનજો. તે બંનેની આજ્ઞાનું પાલન કરજો.” ત્યાર પછી રામપ્રતાપભાઈ તથા સુવાસિનીભાભી પ્રત્યે પણ કહ્યું કે, “તમો પણ આ ઘનશ્યામ પ્રભુ તથા ઈચ્છારામને પુત્રની માફક પાળજો. કોઈ પ્રકારે દુઃખ પડવા દેશો નહીં. તેમજ આ ઘનશ્યામ એ સાક્ષાત્ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન મનુષ્ય સ્વરૂપે દર્શન આપે છે. એના વિષે મનુષ્યપણાનો, બાળકપણાનો પણ ભાવ પરઠશો નહીં. એમની કોઈ પણ ક્રિયાને વિષે કદી મનુષ્યભાવ પરઠશો નહીં. ને જેમ રાજી રહે, રાજી થાય એવા જ યત્ન કરજો. એમને ખૂબ સાચવજો ને દિવ્યભાવે સેવા કરજો.” એટલું બોલતાં બોલતાં તો ભક્તિમાતાની વૃત્તિ ઘનશ્યામ

પ્રભુના સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ.

"શ્રી ઘનશ્યામનું ધ્યાન ધર્યું, સ્થિર વૃત્તિ કરી મન ઠર્યું.
પ્રભુજીની મૂર્તિના પ્રતાપે, તદાકાર થયાં માતા આપે,
ધ્યાન ધરે છે ધારીને મન, શ્રીહરિએ દીધાં દરશન."

ઘનશ્યામ પ્રભુએ પોતાને વિષેથી મનુષ્યભાવનો (અવરભાવનો) પડદો તોડી નાખ્યો. ત્યાં તેજ તેજના અંબારમાં દિવ્ય ઘનશ્યામ પ્રભુના પરભાવના સ્વરૂપનું દર્શન થયું. ભક્તિમાતાના ચૈતન્યને પોતાની મૂર્તિના સુખમાં રાખી લીધો. એમ ભક્તિમાતાને પોતાની મૂર્તિનાં અત્યુત્તમ સુખભોક્તા કરી દીધાં. સૌ સગાંસંબંધીઓએ મળી ભક્તિદેવીનો સંસ્કારવિધિ કર્યો.

## ધર્મદેવને દિવ્યગતિ

ભક્તિદેવીને ધામમાં ગયાંને છ માસ વીત્યા હતા. ભક્તિદેવીના વિયોગનું દુઃખ ભૂલવાના આરે હતા. ત્યાં તો ધર્મદેવે પણ લીલા શરૂ કરી. તેમને શરીરે પણ જ્વર (તાવ) જણાયો. એમનું શરીર વધુ કૃશ હોવાથી જ્વર એમને અસહ્ય થઈ પડ્યો.

ધર્મદેવ પણ જાણે પોતાના દેખાતા ભાવને અદૃશ્ય કરવો હોય તેમ બહુ જ અશક્તિ જણાવતા હતા. તેમણે ઘનશ્યામ પ્રભુને પોતાની સમીપે બોલાવ્યા. તેમણે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જાણવાની અને સમજવાની ઇચ્છા વ્યક્ત કરી.

ઘનશ્યામ પ્રભુ ધર્મદેવની આજ્ઞાનુસાર ભગવાન અર્થાત્ પોતાના સ્વરૂપ સંબંધી જ્ઞાન, સર્વોપરીપણું, સર્વાવતારીપણું, સર્વકારણપણું, દિવ્યપણું વગેરેની રાજી થકા વાતો કરતા હતા.

ઘનશ્યામ પ્રભુ આવી રીતે પોતાનો સર્વોપરી નિશ્ચય પોતે જ કરાવતા હતા. હવે ધર્મદેવને યથાર્થપણે આવા સર્વોપરીપણાના નિશ્ચયની હા પડી ગઈ હતી, કહો કે ઘનશ્યામ પ્રભુએ જ કૃપા કરી હા પડાવી દીધી હતી. હવે એમને પોતાના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવવાનો હતો.

ધર્મદેવને અણસાર પણ આવી ગયો કે હવે દેહમાં રહી શકાશે નહીં. ગમે ત્યારે દેહ મૂકી દેવાશે. તેથી તેમણે ત્રણેય પુત્રોને સમીપે બોલાવ્યા. ઘનશ્યામ પ્રભુ તથા ઇચ્છારામભાઈની ભલામણ રામપ્રતાપભાઈ અને સુવાસિનીદેવીને કરી. સૌને સંપીને રહેવાની આજ્ઞા કરી કહ્યું : "ઘનશ્યામ પ્રભુને વિષે મનુષ્યભાવ

ન પરઠવો કારણ તે કોઈ દેહધારી નથી...

"હરિકૃષ્ણ રૂપે ઘનશ્યામ, માની લેજો છે પૂરણકામ,
અવતારના છે અવતારી, પુરુષોત્તમજી સુખકારી." [૫]

સર્વ અવતારના અવતારી, સર્વોપરી ભગવાન છે. એમ જાણી, નક્કી કરી સેવા કરજો ને એમને સાચવજો. એમને રાજી કરવાના તમામ પ્રયત્ન કરજો.'' એટલું કહી એમણે ઘનશ્યામ પ્રભુ સામું દૃષ્ટિ ઠેરવી... જાણે કહેતા હોય કે 'દયાળુ ! હવે દયા કરીને આપની મૂર્તિના સુખમાં રાખી લ્યો.'

સંવત ૧૮૪૮, જેઠ વદ ચોથ ને શુક્રવારે ઘનશ્યામ પ્રભુએ પણ કૃપા કરી એમના ચૈતન્યને દેહથી જુદો કરી પોતાની મૂર્તિના સુખમાં સંલગ્ન કરી દીધો. ધર્મદેવનો ચૈતન્ય મૂર્તિસુખમાં લેલીન થયો. અહીં એમનો પાર્થિવ દેહ નિશ્ચેત થઈ પડી રહ્યો.

સૌએ જાણ્યું કે ધર્મદેવે હવે એમનો સ્થૂળ દેહ ત્યજી દીધો છે. એટલે સૌ સગાં-સ્નેહીને જાણ કરી. સૌએ ભેગાં મળી નારાયણ સરોવરને કાંઠે એમનો અંતિમ વિધિ પતાવ્યો. દાન આપવા યોગ્ય સુપાત્ર વ્યક્તિને દાન આપ્યાં.

માતા-પિતાને દિવ્યગતિ પ્રાપ્ત કરાવી ઘનશ્યામ પ્રભુએ પોતાના પ્રાગટ્યના હેતુને પૂર્ણ કરવાનો આરંભ કરવા જાણે રસ્તો ચોખ્ખો કર્યો હતો. હવે પોતે જલદી જલદી પોતાનો પ્રાગટ્ય હેતુ સિદ્ધ થાય તે વિચારમાં મગ્ન રહેતા.

રામપ્રતાપભાઈ, સુવાસિનીબાઈ, ઘનશ્યામ પ્રભુ, ઈચ્છારામ, મામા નંદરામ તેમજ અન્ય સગાં-સ્નેહીજનો કેટલાક દિવસો સુધી માતા-પિતાના વિયોગનું દુઃખ ઓછું થાય ત્યાં સુધી ભેળાં રહ્યાં. છપૈયામાં તમામ વ્યવહાર-વિધિ સુખેથી આટોપાઈ ગયાં. સગાં-સ્નેહીજનો પણ છપૈયાથી ઘેર ઘેર વિદાય લઈ રહ્યા હતા.

રામપ્રતાપભાઈએ પણ હવે છપૈયામાં ન રહેતાં અયોધ્યામાં પોતાના નિવાસસ્થાને જવાનું નક્કી કર્યું. સમગ્ર પરિવારે છપૈયાથી અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. ઘનશ્યામ પ્રભુ પણ છપૈયા છોડતા પહેલાં ગામ પર સૂચક દૃષ્ટિ કરી રહ્યા હતા. જાણે કહેવા માંગતા હતા કે, 'છપૈયામાં અનેક સ્થળોએ અનેક આશ્ચર્યકારક લીલાઓ કરી રજેરજને દિવ્યતા આપી. ત્યાંનાં નદી, તળાવ, આરા, વૃક્ષ, પહાડ, વન, કૂવા, વાડી, ખેતર વગેરેને પ્રસાદીભૂત કર્યાં. હવે એ તમામને મારી

૫. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૧૦૭

આ આખરી વિદાય આપું છું.'

છપૈયા ભૂમિ પણ પ્રભુના ભગવાનપણાને પારખી ગઈ હતી. એમ લાગ્યું કે હવે આ સર્વોપરી પરમાત્માના પાવન ચરણો ક્યારે પડશે ? કે'દી પડશે ? કદાચ હવે નહિ પણ પડે ! તેથી ભૂમિ ગમગીન થઈ ગઈ. વાતાવરણમાં શૂનકાર છવાઈ ગયો. પવનની ગતિ મંદ પડી. વાવેલાં ખેતરો, વૃક્ષો વગેરે સમગ્ર વનરાજી પવનના સથવારે ઝૂકી ઝૂકીને ઘનશ્યામ પ્રભુનાં કદાચ આ છેલ્લાં દર્શન કરતાં હોય એમ નેત્રમાંથી અશ્રુધારા વહેવડાવી પ્રભુનાં દર્શન કરી રહ્યાં હતાં. ઘનશ્યામ પ્રભુ પણ જાણે છેલ્લી અમીદૃષ્ટિ સૌ પર રેલાવીને સૌને વિદાય કરી રહ્યા હોય એવી મુખમુદ્રાનો હાવભાવ વ્યક્ત કરતા થકા સૌ સાથે ધીરા ડગ ભરી રહ્યા હતા. સૌ અયોધ્યામાં બરહટ્ટા શાખાનગરમાં નિવાસસ્થાને આવી ગયા. રામપ્રતાપભાઈ હવેથી સપરિવાર અયોધ્યામાં જ વસી રહ્યા.

## મલ્લોને માર

ધર્મદેવ તથા ભક્તિમાતાને દિવ્યગતિ આપી દીધા બાદ ઘનશ્યામ પ્રભુ અવરભાવની રીતે હળવા થયા હતા. પોતે ઘર છોડીને ચાલી નીકળે તો માતા-પિતાના હૈયે દુઃખ ન પહોંચે કે માતા-પિતાની અવજ્ઞા કરી જણાય એવો હવે વિચાર કરવાનો હતો નહીં.

તેઓ વિચારતા કે હવે જે હેતુ માટે અમારું પ્રાગટ્ય છે તે હેતુને તથા અમારા અદ્‌ભુત સંકલ્પોને જલદી જલદી સાકાર કરવા છે. માત્ર અયોધ્યાવાસી કે છપૈયાવાસીને જ પોતાનાં દર્શન-સ્પર્શ કે દિવ્યતાનો અનુભવ કરાવવા માટે જ નહોતા પ્રગટ્યા. એમનો સંકલ્પ બહુ મોટો હતો ને આજે છે.

સમગ્ર ભારતભૂમિને પોતાની પદરજથી પાવન કરવી હતી. સમગ્ર ભૂમિ પર પોતાનાં અદ્‌ભુત સંકલ્પનાં વાવેતર કરવાં હતાં. સકળ ભૂમિના અનેક નદી, તળાવ, પહાડ, વન, પશુ, પક્ષીઓ, તીર્થ, અનેક મુમુક્ષુજનોને પોતાનાં દર્શન આપી સૌને સુખિયા કરવાં હતાં. અનેક મુમુક્ષુઓને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી પોતા જેવા કરી મૂર્તિના અનેરા સુખમાં ગરકાવ કરવા હતા. માત્ર અયોધ્યામાં બેસી રહેવાથી નહિ બને... તે માટે અયોધ્યાને... સમગ્ર પરિવારને છોડવો જ રહ્યો. અને એ માટે તેઓ બહુ ઉત્કટ થયા હતા.

અને એ પળ... એ સમય આવી ગયો. એક દિવસ સવારે ઘનશ્યામ પ્રભુ

અયોધ્યાપુરીને પોતાની પદરજથી પાવન કરતા ને અનેક મુમુક્ષુજનોને પોતાની કૃપાદૃષ્ટિમાં સમાવતાં થકા ઘર તરફ પ્રયાણ કરી રહ્યા હતા. ત્યાં ઉપવનમાં આંબલીના બગીચામાં કેટલાક આસુરીમતિવાળા દુષ્ટ મલ્લોએ ઘનશ્યામ પ્રભુને એકલા જાણી આંતર્યા.

મલ્લોએ ઘનશ્યામ પ્રભુને મારવાના હેતુથી ચારે બાજુથી ઘેરી લીધા. ઘનશ્યામ પ્રભુ એકલાઅટૂલા હતા ને સત્યાવીસ જેટલા મલ્લો તેમને ઘેરી વળ્યા. આ પામર મલ્લોને શું ખબર કે તેઓ કોની સાથે બાથ ભીડી રહ્યા હતા ? ઘનશ્યામ પ્રભુના મુખ પર લગીરે બીક નથી કે નથી મુખ પર કશો જ ગભરાટ.

મલ્લો જેવા એમની નજીક પકડવા આવ્યા ત્યાં તો ઘનશ્યામ પ્રભુએ એક એક મલ્લને પકડી જેમ દડો આકાશમાં ઉછાળે તેમ ઉછાળીને ફેંકવા માંડ્યા. મલ્લો હવામાં ઊછળી ભોંય પર પટકાતા હતા. ને પોતાના શરીરના વજનથી જ ભોંય પર પટકાતાં કોઈના હાથ તો કોઈના પગનાં હાડકાં ભાંગી જતાં. કેટલાકના મુખમાંથી લોહી-રુધિર વહેતું થયું તો કોઈના કપાળ તો કોઈના માથા ફૂટ્યા એમ મલ્લોના અહંકારને ઘનશ્યામ પ્રભુએ પળવારમાં છિન્નભિન્ન કરી નાંખ્યો. સૌ મલ્લો ત્યાંથી ભાગી છૂટ્યા.

ઘનશ્યામ પ્રભુ ત્યાંથી જાણે કશું જ બન્યું નથી તેમ ચૂપચાપ ઘેર આવી ગયા. મલ્લોએ માર ખાધો છે, નાનકડા એવા બાળકથી પરાસ્ત થયા છે, લોહી-લુહાણ થયા છે એવું જાણી મલ્લોનાં સગાંસંબંધીઓ એકઠાં થયાં. તેમણે જાણ્યું કે આ તો ઘનશ્યામ પ્રભુનું પરાક્રમ છે. તેથી તેઓ બધાં ભેગાં મળી રામપ્રતાપભાઈના ઘરે ઘનશ્યામની ફરિયાદ કરવા તથા ઠપકો આપવા આવ્યાં.

રામપ્રતાપભાઈને ઘનશ્યામની ફરિયાદ કરતાં સૌ મલ્લોએ કહ્યું, “જુઓ આ તમારા છોટા ભાઈ ઘનશ્યામનું પરાક્રમ. વગર વાંકે અમારા છોકરાંઓને માર્યાં, તેમનાં હાડકાં ભાંગી નાખ્યાં છે. દેખાય છે ભલે નાના બાળક પણ એમની શક્તિ બાળકની નથી; કાંઈક અજબ જ છે.

રામપ્રતાપજી, જો તમે ઘનશ્યામને વઢશો નહિ કે તેમના પર કાબૂ કે લગામ નહિ રાખો તો આગળ તમે જ મુશ્કેલીમાં મુકાશો. માટે તેમના પર આપ અંકુશ રાખો ને એમને દાબમાં રાખીને થોડોક ઠપકો પણ આપો. જેથી ફરીથી તેમની ફરિયાદથી તમારે અમારી પાસે શરમાવું ન પડે. તમારી આબરૂ પર કલંક ન લાગે તેનું પણ ધ્યાન રાખજો.”

રામપ્રતાપભાઈ ગામલોકોની ફરિયાદ સાંભળીને મનમાં દુ:ખી થયા. તેઓ ઘનશ્યામ પ્રભુ પર ખૂબ ગુસ્સે થયા. ખૂબ વઢ્યા ને ઠપકો આપતાં કહ્યું કે, “ઘનશ્યામ, હવે માતા-પિતા ધામમાં ગયાં છે. ને આમ જો ગામલોકો અવારનવાર તમારી ફરિયાદ લઈને આવશે તો એ હું નહિ ચલાવી લઉં... માટે તમે બરાબર સુધરી જાવ.”

ઘનશ્યામ પ્રભુ બસ આ જ મોકાની તલાશમાં હતા. તેમણે એક વાક્યમાં માર્મિક જવાબ આપી ગંભીરતા ગ્રહણ કરી લીધી. “મોટા ભાઈ ! હવે પછી મારી એક પણ ફરિયાદ નહિ આવે. ને હવે પછી તમારે મને કદી ઠપકો પણ નહિ આપવો પડે. મારા તરફનો પણ કોઈ ઠપકો આપ સુધી નહિ આવે. આપ રાજી રહેજો.” એમ મર્મમાં પોતાના ભાવિ આયોજનને જણાવી દીધું.

## ગૃહત્યાગ

સુવાસિનીભાભી ઘનશ્યામ પ્રભુનાં આ માર્મિક વાક્યો સાંભળી ગયાં ને ઘનશ્યામ પ્રભુએ મુખે ધારણ કરેલી ગંભીરતાને પણ તે પારખી ગયાં. તેમને લાગી આવ્યું કે ઘનશ્યામ પ્રભુને ઉદાસ કર્યા તે યોગ્ય નથી કર્યું.

ઘનશ્યામ પ્રભુને રાજી કરવા તેઓ ઝડપથી એમની સમીપે આવ્યાં. તેમના પર અતિશે માતૃવત્સલ વ્હાલ વરસાવ્યું. પોતાની જેટલી માતૃવત્સલ મમતા હતી તે સઘળી ઠાલવી વત્સતુલ્ય વાત્સલ્ય વરસાવી રહ્યાં. પણ આજ ઘનશ્યામ પ્રભુ પીગળ્યા નહીં. ભાભીના ભરપૂર સ્નેહની કોઈ અસર એમના પર ન થઈ.

ઘનશ્યામ પ્રભુ ધીર-ગંભીર મુખમુદ્રામાં જ રહ્યા. એમને વહાલથી ગોદમાં સમાવવા ગયા તો ઘનશ્યામ પ્રભુ ગોદમાં ન સમાયા, છટકી ગયા. સુવાસિનીદેવીને મન ઘનશ્યામ પ્રભુ જીવન હતા. જે દિવસથી સુવાસિનીદેવી આ ઘરમાં પધાર્યાં તે દિવસથી જ એક વર્ષના બાળ ઘનશ્યામ પ્રભુ સાથે અતૂટ સ્નેહની-હેતની ગાંઠ બંધાઈ ગઈ હતી. દસ દસ વર્ષ સુધી એમનું જતન કરી કાળજાના કટકાની જેમ સાચવ્યા હતા. અપાર અપાર પ્રેમ આપ્યો હતો. તે આમ અચાનક તૂટી જાય છૂટી જાય તો કેટલું વસમું લાગે ?

સામે ઘનશ્યામ પ્રભુએ પણ પોતાની અદ્‌ભુત દિવ્યતાસભર ચરિત્ર કરી એમને ખૂબ સુખ આપ્યું હતું. આવો અરસપરસ દિવ્યતાનો નાતો બંધાઈ ચૂક્યો હતો. આવી દિવ્ય હેત-પ્રીતની ગાંઠ આજ આમ એક ઝાટકે ઘનશ્યામ પ્રભુ તોડી

નાખશે અથવા તૂટી જશે એવી કલ્પના પણ સુવાસિનીભાભીને આવે તો એમનો પ્રાણ જતો રહે એવા અપાર પ્રેમપાશથી બંધાયાં હતાં. ઘનશ્યામ પ્રભુને લાડકોડ લડાવ્યા વિના સુવાસિનીભાભી એક ક્ષણ રહી ન શકે. અરે એક ક્ષણ જીવી ન શકે.

આજે ઘનશ્યામ પ્રભુની આવી ઉદાસીનતા જોઈ. વળી, એમને રાજી થતા ન જોઈ તથા એમને કેમેય કરીને રાજી ન કરી શક્યા તેથી સુવાસિનીભાભીના ગળે લાગણીનો ડૂમો ભરાઈ આવ્યો. એમનાથી મોટું ડૂસકું ભરાઈ ગયું. અશ્રુઓનું વહેણ પોપચાના બંધ તોડી વહેવા લાગ્યું. સુવાસિનીભાભી ઘનશ્યામ પ્રભુના વહાલના-પ્રેમનાં તરસ્યાં બન્યાં..!!

એમનું માત્ર હસતું મુખારવિંદ જોવા તલસી રહ્યાં... પણ... પણ... ઘનશ્યામ પ્રભુ આજ પથ્થરદિલ બન્યા હતા. પાષાણહૃદયી જણાતા પ્રભુનો પ્રેમ ઝંખતાં સુવાસિનીભાભીના સઘળા પ્રયત્ન વ્યર્થ નીવડ્યા. હેતથી ઘનશ્યામ પ્રભુને લાડ લડાવવા માંડ્યા. પણ ઘનશ્યામ પ્રભુ હવે કોઈનીય લાગણીના પ્રવાહમાં તણાવા માંગતા નહોતા. તેઓએ મક્કમ નિર્ણય કર્યો જ હતો. ને આ એક નિમિત્ત પણ સારું હતું. તેથી તેમણે પોતે ગૃહત્યાગનો કશો જ અણસાર આવવા દીધો નહિ અને રાત્રિએ સૌ સાથે હળી-મળી વાળુ કરી પોઢી ગયા.

જે ક્ષણની ઘનશ્યામ પ્રભુને આતુરતા હતી... ગૃહત્યાગ કરવાનો પ્રબળ સંકલ્પ હતો તે સમય પણ આવી ચૂક્યો હતો.

પોતે ક્યાં સુધી ઘરે રહેવું ? પોતાનાં કાર્ય કરવાનો સમય પણ પાકી ગયો હતો.

અનંત મુમુક્ષુજનો જેની વાટ જોતા હતા... દર્શનને માટે તલસતા હતા તેમને સુખિયા કરવા પણ તેમણે અવશ્ય ગૃહત્યાગ કરવો જ પડે તેમ હતો.

પોતાના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન અનેક જનો સુધી પહોંચાડવા તેમજ યાવદ્‌ચંદ્રદિવાકરૌ એ જ્ઞાનસરિતાને અવિરત વહેતી રાખવા પણ એમણે આ મહાભિનિષ્ક્રમણનો માર્ગ લેવાનો જ હતો.

તેથી જ તેમણે સંવત ૧૮૪૯ અષાઢ સુદ દશમનો મંગલકારી દિન પસંદ કર્યો ને તે દિવસથી ઈતિહાસની કરવટ બદલવી શરૂ થઈ. ઘનશ્યામ પ્રભુએ વહેલી સવારે નીકળી જવું એવો મક્કમ નિર્ધાર કર્યો હતો. તેથી તેમણે સાથે રાખવાની ચીજવસ્તુઓ સાંજે જ તૈયાર કરી લીધી હતી.

બીજા દિવસનું વહેલું અરુણું પ્રભાત થાય. ઉદિત આકાશે ઉદય પામે તે

પહેલાં તો ઘનશ્યામ પ્રભુ જવા માટે વહેલા ઊઠી ગયા. ધીરે રહી પોતાની સાથે લેવાની ચીજવસ્તુઓને હાથમાં લીધી. બધાં ગાઢ નિદ્રામાં સૂતાં છે. સૌ પર પોતાની કૃપાદૃષ્ટિ રેલાવી આશીર્વાદ આપવા ઘડીભર થોભ્યા. પોતા પર જેણે જેણે વહાલ વરસાવ્યું હતું... લાડકોડ લડાવ્યા હતા... અતિશે સ્નેહ આપ્યો હતો... દિવ્યભાવ સોતી સેવા કરી હતી તે ઘનશ્યામ પ્રભુ શી રીતે ભૂલે ? તેમણે સૌ પર અતિ કરુણાદૃષ્ટિ રેલાવી. સૌ પર અંતરથી ખૂબ રાજીપો વરસાવતા થકા તેઓ ચૂપચાપ અવાજ ન આવે તેમ સૌને સૂતાં મૂકી ઘરની બહાર નીકળી ગયા.

તેમણે ગૃહત્યાગ કરી સરયૂ નદી તરફ ડગ માંડ્યા. આકાશેથી વરસાદનાં ફોરાં પડવાનું ચાલુ હતું. અયોધ્યાની શેરીઓ એક પછી એક વટાવતા પ્રભુ ચાલી રહ્યા હતા. અયોધ્યા આખું ગાઢ નિદ્રામય છે. કોઈ માણસોની અવરજવર તો શાની હોય ! ચોતરફ નિઃસ્તબ્ધતા... સ્મશાનવત્ શાંતિ હતી. નાનકડા બાળપ્રભુનું આ પરિભ્રમણ શરૂ થતાં અયોધ્યાનું રતન... અયોધ્યાવાસીનું સુખ જતું હોય તેમ... વાતાવરણમાં એક પ્રકારની ઉદાસીનતા છવાઈ ગઈ. પણ આ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમને પાછા વાળવાનું, રોકવાનું ગજુ કોનું ? સામર્થી કોની ?

ઘનશ્યામ પ્રભુએ ગૃહત્યાગ કરી વનવિચરણ કરવા માટે તૈયારી શું કરી હતી ? તેમણે સામાનમાં શું લીધું હતું ? તેમની જરૂરિયાત શું હતી ? તેમણે કટિના ભાગ ઉપર મુંજની મેખલા ને કૌપીન ધારણ કર્યાં હતાં. ખભા પર મૃગચર્મ લીધું હતું. બાલમુકુંદનો બટવો, તુલસીની બેવડી કંઠી કંઠમાં ધારણ કર્યાં હતાં. સત્શાસ્ત્રોના સારરૂપી એક ગુટકો અને ડાબે સ્કંધે જનોઈ અને વિશાળ ભાલમાં ચંદ્ર-તિલક શોભી રહ્યાં હતાં.

“ધર કૌપીન પીન મૃગછાલા, ઢાકદંડ ભુજદંડ વિશાલા,
શ્વેત જનેઉ કંઠ બીચ માલા, દુસર તુલસી કી ધર વૃષ લાલા,
ઊર્ધ્વપુંડ્ર ટીકા યુત નીકા, તિલક ચિહ્ન સુંદર અવધી કા,
મસ્તક જપ જૂટ સુખકારી, કટિમેં મુંજ મેખલા ધારી,
કર કમંડલા જય કી માલા, જલ છાનન કા પટ ઉજિયાલા,
યહ વસ્તુધર રહ જગવંદા, શાલીગ્રામ યૂં બાલમુકુંદા,
કાબટુવા તિનકો ગલધારા, ગુટકા અંસધાર ચહુ સારા,
અસધારત કર વેષ ઉદારા, નીલકંઠ બટુ સરયૂ પારા.”

એવા બાળબ્રહ્મચારી વેશે ઝરમર ઝરમર વરસાદમાં સરયૂ નદીના કિનારે આવીને પોતે ઊભા રહ્યા.

સરયૂ નદી ગાંડીતૂર થઈ બે કાંઠે વહી રહી હતી. નદીનો અફાટ પ્રવાહ ઊછળકૂદ કરતો વેગથી વહી રહ્યો હતો. નદીના પ્રવાહમાં પડવું કે તરવું મુશ્કેલ નહિ પણ અશક્ય હતું તેથી તેઓ કોઈક નાવની રાહ જોઈ રહ્યા હતા.

તેવામાં કાલીદત્તના મિત્ર અસુર એવા કૌશિકે ઘનશ્યામ પ્રભુને સરયૂ નદીના કાંઠે વહેલી સવારે એકલાઅટૂલા ભાળ્યા. તેને વેરવૃત્તિ હતી. તેથી બદલો લેવાનો આ મોકો સારો છે તેમ વિચારી ઘનશ્યામ પ્રભુને બિવડાવવા બિહામણું અટ્ટહાસ્ય કર્યું. ઘનશ્યામ પ્રભુની નજીક જઈ બરાબર ભીંસમાં પકડ્યા ને પછી નદીના પ્રચંડ વહેતા પાણીમાં જોરથી ઘનશ્યામ પ્રભુનો ઘા કર્યો. જેમ પથ્થરને ફંગોળી ને ઘા કરતા હોય તેમ !

"એવે સમે આવ્યો છે અસુર, જાણ્યું મળિયો વૈરી જરૂર,
તેણે ગડથલાવી ગળે ઝાલી, નાખી પૂરમા નીસર્યો ચાલી."[૬]

અસુર તો રાજી થયો કે આજે મેં એમને મારીને બદલો લઈ લીધો. ઘનશ્યામ પ્રભુ વેગીલા પ્રવાહમાં તણાવા લાગ્યા.

"ત્રણ પહોર રહ્યા જળમાંઈ, બાર ગાઉ નિસર્યા તણાઈ."[૭]

એક પહોર એટલે ત્રણ કલાક એમ નવ કલાક સુધી બાર ગાઉ એટલે ૩૬ કિ.મી. સુધી પ્રભુ તણાતા રહ્યા.

"પૂજા પુસ્તક પાસયે રહ્યું, બીજું સર્વે તણાઈ ગયું."[૮]

પૂજા અને પુસ્તક સિવાય એમની પાસે કાંઈ રહ્યું નહીં. બાકીનું બધું જ તણાઈ ગયું હતું.

અસુર પોતાના મિત્રોને સમાચાર આપવા દોડ્યો. પણ તે અસુરને ક્યાં ખબર હતી કે આ તો અનેક ડૂબતાંને બચાવવા આવ્યા છે તે પોતે કઈ રીતે ડૂબે ? સરયૂ નદીને પણ આ અક્ષરધામના અધિપતિની સેવા કરવાની તક સાંપડી ગઈ હોય તેમ પ્રભુને લીધા ને બાર ગાઉ દૂર સામા કાંઠે મૂકી દીધા. પ્રભુની આ સેવા મળવાથી તે ચંચળ મટી શાંત ને ગંભીર બની ગઈ. તેનો વેગીલો ઉન્મત્ત ઉન્માદ પણ શમી ગયો.

---

૬-૭-૮. ભક્તચિંતામણિ : પ્રકરણ-૨૬

## અયોધ્યામાં વિલાપ

અયોધ્યામાં સં. ૧૮૪૯ અષાઢ સુદ દશમનું પહોર ફાટ્યું. સર્વ અયોધ્યાવાસી નરનારી જાગ્યાં. પણ કોઈ અકળ બેચેની સૌને કોરી ખાતી હતી. નિત્ય અંતરે સહેજે સુખ વર્તાતું તે આજે જાણે ક્યાંક જતું રહ્યું હોય તેમ સૌનાં મન ઉદ્વિગ્ન થયાં હતાં. સૌ ઉદાસીમાં પ્રવર્તતાં જણાતાં હતાં. સૌને અંતરમાં અજંપો ને અશાંતિ વર્તાતાં હતાં.

રામપ્રતાપભાઈ તથા સુવાસિનીભાભી પણ ઊઠ્યાં. સુવાસિનીભાભી ઘનશ્યામ પ્રભુની વિશેષ કાળજી રાખતાં તેથી તેમણે ઘનશ્યામની પૂરેપૂરી ભાળ કરી. પણ આ શું ? ઘરમાં ક્યાંયે ઘનશ્યામ પ્રભુ ન મળ્યા. તેમણે મન મનાવ્યું કે વહેલી સવારે ઊઠી નદીએ નહાવા ગયા હશે. હમણાં પાછા આવશે જ. એમ વિચારી ઘરનાં કામકાજમાં મન પરોવ્યું. પણ તેમનું મન-ચિત્ત ઘડી ઘડી ઘનશ્યામ પ્રભુના વિચારોમાં પરોવાઈ જતું.

અંતરથી કંઈક અગમ્ય રીતે અમંગળતાના ભાવો ઊપસી આવતા હતા. ઘણી વાર સુધી રાહ જોઈ છતાં ઘનશ્યામ પ્રભુ પરત ન આવતાં તેમની વ્યાકુળતા વધી ગઈ... નક્કી ઘનશ્યામ પ્રભુ અમને મૂકીને ચાલ્યા ગયા હશે એવો ધ્રાસકો પડ્યો.

ઘનશ્યામ પ્રભુનું સ્મરણ... એમની કોમળ હસમુખી દિવ્ય મૂર્તિ વારે વારે નજર સમક્ષ તરવરતાં સુવાસિનીભાભીને એમના વિયોગના વિચારથી જ કમકમાં આવી ગયાં. તેમને થયું કે નક્કી ઘનશ્યામ પ્રભુ જે વૈરાગ્યના ભાવ દેખાડતા હતા; કેટલાક દિવસોથી જે એમણે ગંભીરતા ધારણ કરી હતી; તેઓ ક્યારેક મર્મમાં બોલતા હતા તે આજે એમણે સત્ય કર્યું લાગે છે. તેઓ ઘનશ્યામ પ્રભુની યાદમાં-વિરહમાં ઝુરાઈ રહ્યાં. તેમણે ઘનશ્યામ પ્રભુના મિત્રોને બધે તપાસ કરવા કહ્યું. બધા મિત્રો આજુબાજુનાં સગાંસંબંધીને ઘરે તપાસ કરી. આજુબાજુનાં ગામે, નદીએ, તળાવે, જાંબુવન વગેરે સ્થળે તપાસ કરી પણ વ્યર્થ. ઘનશ્યામ પ્રભુ કોઈને ન મળ્યા તે ન જ મળ્યા.

સુવાસિનીભાભીએ તો 'ઘનશ્યામ... ઘનશ્યામ...' કરતાં આક્રંદ કરવા માંડ્યું. તેમનો વિલાપ જોઈ રામપ્રતાપભાઈ પણ દોડી આવ્યા. તેઓ પણ બેબાકળા થઈ ઘનશ્યામ પ્રભુની તલાશ કરવા લાગ્યા. મિત્રો પણ ઘનશ્યામ

પ્રભુના વિયોગથી વિલાપ કરવા લાગ્યા. નગરજનોને જેમ ખબર પડવા માંડી તેમ તેઓ પણ આવતા હતા. સૌને ઘનશ્યામનું ઘેલું તો હતું જ. તેઓ પણ આ વાતને સાંભળી વ્યાકુળ થઈ જતા. દિલે દિલગીર થઈ વિલાપ કરવા લાગી જતા. આ સામૂહિક આક્રંદ સુણી ભલભલાનાં હૈયાં ભાંગી પડતાં. સહુથી વધુ વિલાપ તો સુવાસિનીભાભીનો હતો. ઈચ્છારામ તથા નંદરામ પણ એમની કોટે વળગીને ડૂસકાંઓ ભરતા હતા.

જે કોઈ સગાંસ્નેહી આવે તેને સુવાસિનીભાભી પૂછી બેસતાં કે ઘનશ્યામની ભાળ મળી ? સુવાસિનીભાભીની બાવરી દશા થઈ ગઈ હતી. “ઘનશ્યામ ભૈયા... ઘનશ્યામ ભૈયા... તમે ક્યાં છો ?” એમ યાદ કરી કરીને એમના વિરહમાં ઝૂરતાં હતાં. “ઘનશ્યામ ભૈયા... તમે નિર્દય કાં થયા ? ભાભીને રઝળાવીને... ભાઈને છોડીને તમે કહ્યા વિના જ જતા રહ્યા ? પાછળ અમારું શું થશે એનો વિચાર પણ ન કર્યો ?” એટલું બોલતાં બોલતાં તો સુવાસિનીભાભી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડતાં.


“અરેરે... મારા ઘનશ્યામનું શું થયું હશે ? વનમાં એમને હિંસક પ્રાણીઓએ કંઈ કરી તો નહિ નાખ્યું હોય ને ? અરેરે, આ મોજડીઓ અને કપડાં તો તેમનાં મૂકીને ગયા છે. ટાઢ-તડકો તેમનાથી કેમ સહન થશે ? એમને જંગલમાં કોણ જમાડશે ? એમના કોમળ ચરણમાં કાંટા વાગશે તો કોણ કાઢશે ? હે નાથ ! ભાભી ભાભી કરી ગરમ ગરમ રોટલી કરાવીને જમનારા એવા તમને વનમાં ફળ-ફૂલથી કેમ ચાલશે ? હે ઘનશ્યામ ! તમે સર્વના નિયંતા છો. અનેક મુમુક્ષુઓના આધાર છો. એટલે અમ જેવાં તમને અનેક મળશે. પણ... પણ... હે મારા લાડકવાયા ઘનશ્યામ પ્રભુ ! અમારાથી તમારો વિયોગ કેમ સહન થશે ? હે નાથ ! અમારા વાંકગુનાને માફ કરો અને કૃપા કરી પાછા પધારો... પાછા પધારો...”

સુવાસિનીભાભીનું આવું હૈયાફાટ રુદન ને આક્રંદ જોઈ સૌ નરનારીઓની આંખોથી અશ્રુઓનો ધોધ વહી રહ્યો હતો. પણ ઘનશ્યામ પ્રભુનો સંકલ્પ અફર હતો. એક-બે-ચાર કે પાંચ-પચ્ચીસ.ના વિયોગમાં હજારો-લાખો અને કરોડોનો સંયોગ હતો. થોડાનાં દુઃખમાં ઝાઝાનું સુખ હતું. એટલે જ ભયહારી ભગવાને મહાભિનિષ્ક્રમણ કર્યું હતું ને વનની વાટ લીધી હતી.

હવે તેઓ પાછા વળે એમ જ નહોતા. કોઈ પ્રાર્થના, કોઈ કાકલૂદી કે

આજીજી પણ તેમને પાછી વાળી શકે તેમ નહોતી. સંવત ૧૮૪૯નો અષાઢ સુદ દશમનો એ દિવસ રામપ્રતાપભાઈ તથા સુવાસિનીભાભી તેમજ અયોધ્યાવાસી માટે ગોઝારો નીવડ્યો.

તેમ છતાં એ જ દિવસ વિશ્વ-ઇતિહાસનાં પૃષ્ઠ પર એક અદ્‌ભુત મહાભિનિષ્ક્રમણ દિન તરીકે લેખાયો. આ બ્રહ્માંડને એક નવતર નૂતન રાહ ચીંધનાર રાહબર તરીકે પણ પ્રસ્થાપિત થયો. જો એ દિવસે ઘનશ્યામ પ્રભુએ મહાભિનિષ્ક્રમણ ન કર્યું હોત તો ? તેઓએ એ દિવસે વનની વાટ પકડી ન હોત તો ? તેઓ માત્ર અયોધ્યાવાસી પૂરતા જ સીમિત રહ્યા હોત તો ? તો આજે સમગ્ર વિશ્વ માટે ને આપણા માટે બાકીના સઘળા દિવસો ગોઝારા બન્યા હોત !!!



આદ્ય સ્થાપક
**ગુરુદેવ પ.પૂ. બાપજી**



દિવ્ય પ્રેરક
**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**

## સંસ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવન પર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે. પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૯ વર્ષની ઉંમર સુધી અસંખ્ય ગામડાંઓમાં તથા હજારો ભક્તોના ઘરોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓએ અવિરત વિચરણ કર્યું છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઈતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું પ્રમુખપદ સંભાળી રહ્યા છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, “હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો.” ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’ આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન-શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થશે અવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા